For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 27 | Saturday 9 March 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper...
newsonlinelive.tv



Gadgets ગુરૂ
Samsung Galaxy F15 5G ફોન 11,999માં લોન્ચ 4



હું બોલિવૂડમાં સલમાન ખાન, કાર્તિક આર્યન સાથે કામ કરવા માગુ છું:મનીષા રાની... 10

# અમેરિકામાં ટ્રમ્પ-જો બાઈડિન વચ્ચે જંગ નક્કી...



US રાષ્ટ્રપતિ ઉમેદવારની ચૂંટણી





## ભારતીય મૂળની નિક્કી હેલી 12 રાજ્યોમાં પરાજિત થઈ

વોશિંગ્ટન:અમેરિકામાં રાષ્ટ્રપતિ કેન્ડિડેટની ચૂંટણી ચાલી રહી છે. આ ચૂંટણી પ્રોસેસમાં એક શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે- સુપર ટ્યૂસડે. જેમાં 15 રાજ્યોમાં વોટિંગ થયું. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પે 12 રાજ્યોમાં જીત મેળવીને ભારતીય મૂળની નિક્કી હેલીને હરાવી છે. ત્યાં જ ડેમોક્રેટિક પાર્ટીથી બાઈડેન 15 રાજ્યોમાં જીત્યા છે. બાઈડેન રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ચૂંટાઈ શકે છે. કારણ કે હવે યોજાયેલી ચૂંટણીમાં તેમને ડેમોક્રેટ પાર્ટી તરફથી કોઈ પડકાર જોવા મળ્યો નથી. જોકે, બાઈડનના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને લઈને પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. આ દરમિયાન એવા સમાચાર આવ્યા હતા કે પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની પત્ની મિશેલ ઓબામાને ડેમોક્રેટિક પાર્ટી તરફથી ઉમેદવાર બનાવવામાં આવી શકે છે. જોકે તેમના કાર્યાલયે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ચૂંટણી નહીં લડે.

## બાઈડેનની લોકપ્રિયતામાં ઘટાડો

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. ન્યુયોર્ક ટાઈમ્સ અને સિએના કોલેજ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેના વલણો બાઈડેન માટે બહુ સારા સંકેત નથી. આ સર્વેમાં માત્ર 23% લોકોએ સ્વીકાર્યું કે તેઓ બાઈડેનના દાવા અંગે ઉત્સાહી હતા. લગભગ 48 ટકા લોકો ટ્રમ્પની સાથે હતા. 26 ટકા લોકોએ કહ્યું કે તેઓ બાઈડેનના કામથી અસંતુષ્ટ છે, પરંતુ ગુસ્સે નથી. જોકે ટ્રમ્પના કિસ્સામાં આ આંકડો માત્ર 6 ટકા છે. આ સર્વેમાં સૌથી મહત્વની વાત એ છે કે 47 ટકા લોકોએ બાઈડેનના પ્રદર્શનને નકારી કાઢ્યું હતું. છેલ્લા ચાર વર્ષમાં રાષ્ટ્રપતિ તરીકે તેમની લોકપ્રિયતા માટે આ સૌથી મોટો ફટકો છે. રાજીવ ડોગરા કહે છે, 'બાયડેનના સ્વાસ્થ્યને લઈને ઘણા પ્રશ્નો ઉભા થયા છે. ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ સંબંધિત અમેરિકન નીતિઓને લઈને પણ લોકોમાં અસંતોષ છે. આવી સ્થિતિમાં તેમની પોતાની ડેમોક્રેટિક પાર્ટીમાં પણ નેતાઓ તેમની ઉમેદવારી અંગે બહુ સહજતા અનુભવતા નથી.

## સુપર ટ્યુઝડે સમજો

અમેરિકામાં નવેમ્બર 2024માં પ્રેસિડેન્શિયલ ઇલેક્શન એટલે રાષ્ટ્રપતિ ચૂંટણી થવાની છે. તેના પહેલાં બે મુખ્ય પાર્ટી (ડેમોક્રેટિક અને રિપબ્લિકન) પોતપોતાના ઉમેદવારોને પસંદ કરી રહી છે. જેના માટે વિવિધ રાજ્યોમાં વોટિંગ થઇ રહ્યું છે. સંવૈધાનિક રીતે સુપર ટ્યૂસડે શબ્દનો કોઇ અર્થ નથી, પરંતુ તમે એવું કહી શકો છો કે આ દિવસે એકસાથે અનેક રાજ્યોમાં પ્રાઇમરી વોટિંગ થાય છે. આ ચૂંટણીથી અંદાજ લગાવી શકાય છે કે કઇ પાર્ટી નવેમ્બરમાં થનારી ચૂંટણીમાં પાર્ટીના પ્રેસિડેન્શિયલ કેન્ડિડેટ થશે.

## જો બાઈડેને કહ્યું, ડોનાલ્ડ ટ્રમ્પ જીતશે તો અમેરિકા અંધકાર અને હિંસાનો શિકાર બનશે

### કોકસ અને પ્રાથમિક ચૂંટણી વચ્ચે... શું તફાવત છે?

કોકસમાં રૂમ અથવા હોલમાં બેસીને પક્ષના પ્રતિનિધિઓ હાથ ઊંચો કરીને અથવા કાપલી નાખીને મતદાન કરી શકે છે. પક્ષની એક ટીમ નિરીક્ષક છે.

રિપબ્લિકન પાર્ટી તરફથી પ્રથમ કોકસ આયોવા રાજ્યમાં યોજાઈ હતી. વાસ્તવમાં પ્રાથમિક ચૂંટણી રાજ્ય સરકાર દ્વારા કરાવવામાં આવે છે. કોકસ પાર્ટીની પોતાની ઈવેન્ટ છે. પ્રાથમિક ચૂંટણી સામાન્ય ચૂંટણી જેવી જ મતદાન પ્રક્રિયાને અનુસરે છે. આ સમયગાળા દરમિયાન એક પક્ષનો કાર્યકર અન્ય પક્ષની ચૂંટણીમાં પણ મતદાન કરી શકે છે.

## ટ્રમ્પે કહ્યું- આ એક ઐતિહાસિક દિવસ

ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળની નિક્કી હેલીને હરાવ્યા બાદ ખુશી વ્યક્ત કરી છે. માર-એ-લાગોમાં તેમના રિસોર્ટમાં તેમણે સુપર ટ્યૂઝડેને અમેરિકા માટે ઐતિહાસિક દિવસ ગણાવ્યો. ટ્રમ્પે પોતાની જીત પર રિસોર્ટમાં એક પાર્ટીનું પણ આયોજન કર્યું હતું. બાઈડન પર નિશાન સાધતા તેમણે કહ્યું કે દેશને બચાવવા માટે તેમણે કોઈપણ કિંમતે આ ચૂંટણી જીતવી પડશે. તે જ સમયે બાઈડેને ટ્રમ્પની જીત પર કહ્યું કે જો તેઓ અન્ય કાર્યકાળ માટે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય છે, તો તેઓ અમેરિકાને અંધકાર અને હિંસા તરફ ધકેલી દેશે. ચાર વર્ષ પહેલાં જ્યારે હું ચૂંટણી લડ્યો હતો ત્યારે મારો ઉદ્દેશ્ય ટ્રમ્પથી દેશના અસ્તિત્વને ખતમ કરવાનો હતો. ટ્રમ્પને અમેરિકન લોકોની ચિંતા નથી.

## ટ્રમ્પની વધતી લોકપ્રિયતા

ટ્રમ્પની લોકપ્રિયતા સતત વધી રહી છે. જાન્યુઆરીમાં આયોવા કોકસમાં તેમની જીતનું પોતાનું મહત્વ છે. આ જીત એ અર્થમાં મોટી હતી કે ત્યાંની 99 કાઉન્ટીઓમાંથી તેમને 98 કાઉન્ટીમાં સૌથી વધુ મત મળ્યા હતા. આ રીતે, તેમણે સમાજના તમામ વર્ગોના મતદારોનો વિશ્વાસ મેળવ્યો, જે ચોક્કસપણે દર્શાવે છે કે અમેરિકાના મતદારો રાષ્ટ્રપતિની ચૂંટણીને કેવી રીતે જોઈ રહ્યા છે. 2020ની ચૂંટણીના પરિણામોને પલટાવવાના મામલાઓ લાંબા સમયથી ટ્રમ્પના ગળામાં લટકી રહ્યા છે, પરંતુ આ મામલે હજુ ઘણું થવાનું બાકી છે. થોડા દિવસ પહેલા જ ત્યાંની સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તે આ મામલાની સુનાવણી કરશે કે શું ટ્રમ્પને આ મામલામાં કાર્યવાહીથી મુક્તિ છે? ટ્રમ્પે દાવો કર્યો છે કે જ્યારે તેઓ રાષ્ટ્રપતિ પદ પર હતા ત્યારે તેમણે આ વિવાદાસ્પદ આદેશો આપ્યા હતા. આ મામલે જૂનના અંતમાં નિર્ણય આવી શકે છે. મતલબ કે પાર્ટી સંમેલનમાં ઉમેદવારીની અંતિમ જાહેરાત પહેલા જ કોર્ટ આ મામલે પોતાનો નિર્ણય આપશે.

## નિક્કી હેલી રિપબ્લિકન પ્રમુખપદની રેસમાંથી ખસી ગઈ, હવે બાઈડેન-ટ્રમ્પ વચ્ચે લડાઈ થશે

અમેરિકામાં રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની રેસમાંથી નિક્કી હેલી હટી રહી છે. ફાઈનાન્સિયલ ટાઈમ્સ અનુસાર, આ રેસમાં ડોનાલ્ડ ટ્રમ્પની સૌથી મજબૂત પ્રતિસ્પર્ધી નિક્કી હેલીએ પોતાનું અભિયાન સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે. દક્ષિણ કેરોલિનાના પૂર્વ ગવર્નર અને સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના પૂર્વ રાજદૂત નિક્કી હેલીના આ નિર્ણય બાદ ડોનાલ્ડ ટ્રમ્પ માટે સતત ત્રીજી વખત રિપબ્લિકન ઉમેદવાર તરીકે અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાનો રસ્તો સાફ થઈ ગયો છે. નિક્કી હેલીએ સમગ્ર ઝુંબેશ દરમિયાન પોતાની જાતને આર્થિક અને વિદેશ નીતિ પર પરંપરાગત અવાજ તરીકે અને દેશ માટે રાજકીય નેતૃત્વની નવી પેઢીના ભાગ રૂપે રજૂ કરી. નિક્કી હેલીએ ડોનાલ્ડ ટ્રમ્પને સતત હરીફાઈ આપી પરંતુ તેને માત્ર વર્મોન્ટ અને કોલંબિયા ડિસ્ટ્રિક્ટમાં યુએસ કેપિટલ સીટ મળી. ગયા વર્ષે ટેલિવિઝન પર પ્રસારિત રિપબ્લિકન ડિબેટ્સમાં નિક્કીએ જોરદાર પ્રદર્શન કર્યું હતું પરંતુ પ્રાઈમરીમાં સારું પ્રદર્શન કર્યું ન હતું.




અત્યાર સુધીમાં 24 રાજ્યોમાં પ્રાથમિક ચૂંટણીઓ થઈ ચૂકી છે. રિપબ્લિકન પાર્ટીમાંથી ટ્રમ્પ સામે ચૂંટણી લડી રહેલી નિક્કી હેલીએ વર્મોન્ટ અને વોશિંગ્ટન એમ બે જગ્યાએથી જીત મેળવી છે. અમેરિકન મીડિયા અનુસાર, હેલીને વર્મોન્ટમાં 92% વોટ મળ્યા છે. તો વોશિંગ્ટનમાં તેમને 63% અને ટ્રમ્પને 33% મત મળ્યા. ટ્રમ્પ 2016માં વોશિંગ્ટનમાંથી પ્રાથમિક ચૂંટણી પણ હારી ગયા હતા.

### રિપબ્લિકન પાર્ટીનું પરિણામ

| રાજ્ય | વોટની ટકાવારી |
|---|---|
| અલબામા | 9% |
| અરકાંસસ | 20% |
| કોલોરાડો | 42% |
| માઈને | 25% |
| મેસેચ્યુસેટ્સ | 8% |
| નોર્થ કેરોલિના | 59% |
| ઓક્લાહોમા | 64% |
| ટેનેસી | 35% |
| ટેક્સાસ | 45% |
| વર્જિનિયા | 87% |
| મિનેસોટા | 6% |
| કેલિફોર્નિયા | 7% |
| વર્મોન્ટ | 95% |

### ડેમોક્રેટ પાર્ટીનું પરિણામ

| રાજ્ય | વોટની ટકાવારી |
|---|---|
| આયોવા | 95% |
| અલબામા | 10% |
| અરકાંસસ | 34% |
| કોલોરાડો | 65% |
| માઈને | 21% |
| મેસેચ્યુસેટ્સ | 8% |
| નોર્થ કેરોલિના | 64% |
| ઓક્લાહોમા | 69% |
| ટેનેસી | 35% |
| ટેક્સા | 46% |
| વર્જિનિયા | 79% |
| મિનેસોટા | 1% |
| વર્મોટા | 39% |
| ઉટાહ | 47% |

# ઉત્તરી કેલિફોર્નિયામાં બરફના તોફાને મચાવ્યો કહેર, બરફવર્ષાના કારણે વાહનવ્યવહાર બંધ

## હજારો લોકોના ઘરમાં વીજળી ડૂલ થઈ...











**ઉત્તરી કેરોલિના:** અમેરિકામાં ચાલી રહેલી ભારે હિમવર્ષા અને ગંભીર બરફના તોફાનના કારણે કેલિફોર્નિયામાં એક મુખ્ય માર્ગ પરનો ટ્રાફિક બંધ કરી દેવામાં આવ્યો છે અને હજારો ઘરોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. શિયાળુ વાવાઝોડું ગુરુવારથી ઉત્તરી કેલિફોર્નિયા અને પર્વતમાળાઓ પર ત્રાટક્યું છે, આ પ્રદેશમાં 3.6 મીટર સુધી હિમવર્ષા થઈ છે અને 3.5 કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાયો. જેણે હજારો લોકોની મુશ્કેલીમાં મોટો વધારો કર્યો છે. રવિવારે વિવિધ વિસ્તારોમાં પરિવહન નેટવર્ક પ્રભાવિત થયું હતું અને ઘરોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. સૌથી ખરાબ હિમવર્ષાએ પરિવહન નેટવર્કને ગંભીર રીતે ખોરવી નાખ્યું છે. ઈન્ટરસ્ટેટ 80 ના 160 કિલોમીટરથી વધુ, રેનો, નેવાડાને સેક્રામેન્ટો, કેલિફોર્નિયાથી જોડતો મુખ્ય માર્ગ, રવિવારે નેવાડા સરહદ નજીક બંધ રહ્યો હતો. કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલ (CHP) અનુસાર, રોડવે ફરીથી ખોલવાનો કોઈ અંદાજિત સમય નથી. સેંકડો મુસાફરો કલાકો સુધી પોતાના વાહનોમાં અટવાયા હતા અને 300થી વધુ વાહનો ટ્રાફિક જામમાં અટવાયા હતા. બીજી તરફ વીજકાપ પણ ભારે ચિંતાનો વિષય બન્યો છે. કેલિફોર્નિયામાં 12,000 થી વધુ ઘરો અને વ્યવસાયો રવિવાર સાંજ સુધીમાં પાવર વિના હતા, એક ટ્રેકિંગ વેબસાઈટ અનુસાર. સતત હિમવર્ષાના કારણે હાઈવે પરથી બરફ હટાવવાના પ્રયાસો અવરોધાઈ રહ્યા છે.

### રસ્તાઓ પરથી બરફ હટાવવામાં આવી રહ્યો છે

કામદારો મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે સાધનો ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. કેલિફોર્નિયાના પરિવહન વિભાગે સોશિયલ મીડિયા પર એક વિડિયો શેર કર્યો છે જેમાં એક સ્નો બ્લોઅર મર્યાદિત દૃશ્યતા સાથે ભારે બરફમાંથી ધીમે ધીમે આગળ વધી રહ્યો છે. એજન્સીએ નોંધપાત્ર સાધનોની નિષ્ફળતાની જાણ કરી હતી, જેમાં સાધનો તેની સામાન્ય બરફ દૂર કરવાની ઓપરેશનલ ક્ષમતાઓના માત્ર એક અંશ પર કાર્યરત હતા. એજન્સીએ ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "કિંગવેલમાં અમારા સેન્ટ્રલ હબ ખાતેના અમારા 10 બ્લોઅર્સમાંથી બે બંધ થઈ ગયા છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઈ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

# કેન્દ્રીય કર્મચારીઓના DAમાં 4 ટકાનો વધારો

## ઉજ્જવલા યોજના પર સબસિડીમાં વાર્ષિક 300 રૂપિયાનો વધારો, 10 કરોડ પરિવારને સીધો ફાયદો થશે

નવી દિલ્લી: સરકારે કેન્દ્રીય કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા (DA)માં વધારો કર્યો છે. 7 માર્ચે મળેલી કેબિનેટની બેઠકમાં સરકારે DAમાં 4% વધારો કરવાની જાહેરાત કરી છે. આ 1 જાન્યુઆરી, 2024થી અમલમાં આવશે. DAમાં વધારા બાદ કર્મચારીઓનું ભથ્થું 46%થી વધીને 50% થઈ ગયું છે. લગભગ 50 લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને 68 લાખ પેન્શનધારકોને એનો લાભ મળશે. DA 46%થી વધારીને 50% થવાને કારણે ઘર ભાડા ભથ્થામાં પણ વધારો થશે. એ 27, 18 અને 9%થી વધારીને 30, 20 અને 10% કરવામાં આવશે. ગ્રેજ્યુએશનની મર્યાદા પણ 20 લાખ રૂપિયાથી વધારીને 25 લાખ રૂપિયા કરવામાં આવી છે.

### 7 માર્ચે મળેલી કેબિનેટની બેઠકમાં મોટો નિર્ણય કરાયો

અગાઉ સરકારે ઓક્ટોબર 2023માં DA 4%થી વધારીને 46% કર્યું હતો. મોંઘવારી ભથ્થું વર્ષમાં બે વાર જાન્યુઆરી અને જુલાઈમાં વધારવામાં આવે છે. બીજી તરફ, કેન્દ્ર સરકારે પણ પીએમ ઉજ્જવલા યોજનાને એક વર્ષ માટે લંબાવી છે, એટલે કે આ યોજનાના ગ્રાહકોને વધુ એક વર્ષ સુધી 300 રૂપિયાની સબસિડી મળતી રહેશે. આનાથી 10 કરોડ પરિવારોને ફાયદો થશે.

### શું હોય છે મોંઘવારી ભથ્થું?

મોંઘવારી ભથ્થું એવું નાણું છે, જે સરકારી કર્મચારીઓને મોંઘવારી વધવા છતાં તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવે છે. આ નાણાં સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આપવામાં આવે છે. દેશની વર્તમાન મોંઘવારી પ્રમાણે દર 6 મહિને એની ગણતરી કરવામાં આવે છે. એ સંબંધિત પગાર ધોરણના આધારે કર્મચારીઓના મૂળ પગાર અનુસાર ગણવામાં આવે છે.




### મોંઘવારી ભથ્થું કેવી રીતે ગણવામાં આવે છે?

મોંઘવારી ભથ્થું નક્કી કરવા માટે એક ફોર્મ્યુલા આપવામાં આવી છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ફોર્મ્યુલા છે [(છેલ્લા 12 મહિનાના ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (AICPI)ની સરેરાશ - 115.76)/115.76]×100. હવે જો આપણે PSU (પબ્લિક સેક્ટર યુનિટ)માં કામ કરતા લોકોના મોંઘવારી ભથ્થા વિશે વાત કરીએ, તો એની ગણતરીની પદ્ધતિ છે- મોંઘવારી ભથ્થાંની ટકાવારી = (છેલ્લા 3 મહિનાના ગ્રાહક ભાવ સૂચકાંકની સરેરાશ (બેઝ વર્ષ 2001 = 100)- 126.33) )x100

### ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ શું છે?

ભારતમાં ફુગાવાના બે પ્રકાર છે. એક રિટેલ એટલે કે છૂટક અને બીજો જથ્થાબંધ ફુગાવો. છૂટક મોંઘવારી દર સામાન્ય ગ્રાહકો દ્વારા ક્વોટ કરાયેલા ભાવ પર આધારિત છે. એને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પણ કહેવામાં આવે છે.

### DA પછી કેટલો ફાયદો થશે?

આ માટે તમારો પગાર નીચેની ફોર્મ્યુલામાં ભરો..(બેસિક પે+ ગ્રેડ પે) × DA % = DA રકમ. જો તમે સાદી ભાષામાં સમજો છો, તો મોંઘવારી ભથ્થાનો દર પગારમાં ગુણાકાર થાય છે જે મૂળ પગારમાં ગ્રેડ પગાર ઉમેર્યા પછી કરવામાં આવે છે. જે પરિણામ આવે છે એને ડિયરનેસ એલાઉન્સ (DA) કહેવાય છે. હવે એને એક ઉદાહરણથી સમજીએ, ધારો કે તમારો મૂળ પગાર 10 હજાર રૂપિયા છે અને ગ્રેડ પે 1000 રૂપિયા છે. બંનેને ઉમેરવા પર કુલ 11 હજાર રૂપિયા થઈ ગયા. હવે વધેલા 42% મોંઘવારી ભથ્થાના સંદર્ભમાં એ 4,620 રૂપિયા થાય છે.

## NEWS FILE

### RBIએ ક્રેડિટ કાર્ડના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો



નવી દિલ્હીઃ હવે ક્રેડિટ કાર્ડ લેતી વખતે તમને તમારી પસંદગી મુજબ કાર્ડ નેટવર્ક પસંદ કરવાની સુવિધા મળશે. આરબીઆઈએ ક્રેડિટ કાર્ડ નેટવર્ક અને કાર્ડ જારી કરતી બેંકો અને એનબીએફસી માટે નવી માર્ગદર્શિકા જારી કરી છે. આ મુજબ, હવે કાર્ડ ઈશ્યુ કરનારે તેના ગ્રાહકોને ક્રેડિટ કાર્ડ જારી કરતી વખતે એકથી વધુ કાર્ડ નેટવર્કમાંથી પસંદ કરવાનો વિકલ્પ આપવો પડશે. બેંકોએ ગ્રાહકને પૂછવું પડશે કે તેને કયું નેટવર્ક ક્રેડિટ કાર્ડ જોઈએ છે. જ્યારે જૂના ક્રેડિટ કાર્ડ યુઝર્સને કાર્ડ રિન્યુ કરતી વખતે કાર્ડ નેટવર્ક બદલવાનો વિકલ્પ મળશે. તમને જણાવી દઈએ કે દરેક ક્રેડિટ કાર્ડની વેલિડિટી હોય છે.

### પહેલી એપ્રિલે વધુ બે બેંકો થશે મર્જર, RBIએ આપી મંજૂરી

મુંબઈઃ દેશમાં એકવાર ફરી બેંકો મર્જર થઈ રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કહ્યું કે, 1 એપ્રિલ 2024થી વધુ 2 બેંકોને મર્જર કરવામાં આવી રહી છે. જેને આરબીઆઈએ મંજૂરી પણ આપી દેવામાં આવી છે. આ વખતે ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડનું એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ સાથે થવાની છે. જે આગામી 1 એપ્રિલથી આ બે બેંક એક થઈ જશે. ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડની દરેક શાખાઓ 1 એપ્રિલ, 2024થી એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ (AU Small Finance Bank Ltd) ની શાખા તરીકે કામ કરશે.

# 4 વર્ષમાં વિદેશમાં રોકાણ, ગ્રીસ-દુબઈ પહેલી પસંદ

### 6 મહિનામાં ભારતીયોએ દુબઈમાં રોકાણ કર્યું

■ મુંબઈ

ભારતીય ધનાઢ્યોનું છેલ્લાં 4 વર્ષમાં યુરોપ અને યુએઈમાં પ્રોપર્ટીમાં રોકાણ બમણું થયું છે. RBI અનુસાર 2022-23માં 1,98,903 લાખ કરોડ રૂ. વિદેશ મોકલવામાં આવ્યા છે. ગત મહિનાની તુલનાએ તે 28% વધ્યું છે. તેમાં 240.2 કરોડ રૂ.નું રોકાણ ગત ડિસેમ્બરમાં રિયલ એસ્ટેટમાં થયું છે. એક વર્ષ પહેલાંની તુલનામાં તેમાં 16% વધારો થયો છે. યુરોપિયન દેશોમાં યુનાન, સાઈપ્રસ,



માલ્ટા અને સ્પેન, જ્યારે મધ્ય-પૂર્વના દેશોમાં યુએઈ, કતાર ભારતીયોની પહેલી પસંદ છે. 2023ના પહેલા છ મહિનામાં 2,777 કરોડ રૂ.ની સાથે ભારતીયોએ દુબઈમાં સૌથી વધુ રોકાણ કર્યું હતું. ગોલ્ડન વિઝા જેવા ઈમિગ્રેશન પ્રોગ્રામ અને સારા ભાડાને કારણે આકર્ષણ વધ્યું છે.

# ફેબ્રુઆરીમાં GSTથી 1.68 લાખ કરોડની આવક થઈ

### જીએસટીથી દર મહિને સરકારને મોટી આવક

■ નવી દિલ્હી

સરકારે ફેબ્રુઆરી-2024માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ, એટલે કે GSTમાંથી 1.68 લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. આ એક વર્ષ પહેલાં એટલે કે ફેબ્રુઆરી 2023 કરતાં 12.5% વધુ છે. ત્યારે GSTમાંથી 1.49 લાખ કરોડ રૂપિયા એકત્ર થયા હતા. જાન્યુઆરીના એક મહિના પહેલાંની સરખામણીમાં એ 4 હજાર કરોડ રૂપિયા ઓછા છે. જાન્યુઆરીમાં સરકારે GSTમાંથી 1.72 લાખ કરોડ




રૂપિયા એકત્ર કર્યા હતા. આ સતત 12મી વખત છે, જ્યારે રેવન્યુ કલેક્શન 1.5 લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે. અત્યારસુધીમાં સૌથી વધુ GST કલેક્શન એપ્રિલ 2023માં થયું હતું, જ્યારે આ આંકડો 1.87 લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયો હતો.

### મૂડીઝે દેશના આર્થિક વૃદ્ધિદરના અંદાજને વધાર્યો




નવી દિલ્હીઃ વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીઝે અપેક્ષા કરતાં વધુ મજબૂત દેખાવને આધારે કેલેન્ડર વર્ષ 2024 માટે દેશના આર્થિક વૃદ્ધિદરના અંદાજને વધીને 6.8% કર્યું છે અને આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ભારત જી20 દેશોમાં સૌથી ઝડપી ગતિએ વિકસતું અર્થતંત્ર બની રહેશે. વર્ષ 2024ના આઉટલુક રિપોર્ટમાં મૂડીઝ ઈન્વેસ્ટર સર્વિસે જણાવ્યું હતું કે વૈશ્વિક પડકારો ઘટી રહ્યા છે ત્યારે ભારતીય અર્થતંત્ર આરામથી 6-7%નો આર્થિક વૃદ્ધિદર નોંધાવવા માટે સક્ષમ રહેશે. આ મજબૂત પ્રદર્શનને સહારે અમે વર્ષ 2024 માટે દેશના આર્થિક વૃદ્ધિદરના અનુમાનને 6.1%થી વધારીને 6.8% કર્યું છે.

# માર્ગ સલામતી માટે સામાન્ય ભાગીદારી જરૂરી: નીતિન ગડકરી

### લોકો માટે ડર અને કાયદાનો આદર કરવો મહત્વપૂર્ણ

■ નવી દિલ્હી

માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા માટે ધ પાર્ક હોટેલ, નવી દિલ્હી ખાતે "રોડ રક્ષક" પહેલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મિનિસ્ટર નીતિન ગડકરીએ કહ્યું કે રોડ સેફ્ટી માટે સામાન્ય ભાગીદારી જરૂરી છે. માર્ગ સલામતીના નિયમોનું પાલન કરો, લોકોને કાયદા પ્રત્યે ડર અને આદર હોવો જોઈએ. જો લાલ સિગ્નલ હોય તો તમારે રોકાવું જોઈએ. આજકાલ લોકો સરળતાથી ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવી શકે છે, પરંતુ તેના માટેના નિયમો કડક હોવા જોઈએ. ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવતા પહેલા, એક ટેસ્ટ હોવો જોઈએ, જે તમે ઘરે બેસીને આપી શકો છો. તમને તરત જ પ્રશ્ન પૂછવામાં આવશે અને તરત જ તમારો નંબર મેળવો. ગડકરીએ કહ્યું કે લોકોએ જવાબદારી લેવી પડશે કે જો તેઓ બેફામ ડ્રાઈવિંગમાં વ્યસ્ત રહે છે, તેમણે કહ્યું કે ક્યારેક મને ખૂબ દુઃખ થાય છે કે શિક્ષિત લોકો રોડ ક્રોસ કરવા માટે રસ્તાની વચ્ચે ઘૂસી જાય છે.

### માનવીય વ્યવહારમાં ફેરફાર કરીને અભિયાન સફળ થશે



નીતિન ગડકરીએ કહ્યું કે તેઓ માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવાનું કામ કરી રહ્યા છે પરંતુ હજુ સુધી સફળતા મળી નથી. અમે, ઓટોમોબાઈલ ક્ષેત્ર, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક NGO લોકોમાં જાગૃતિ વધારવા માટે કામ કરી રહ્યા છીએ. સૌથી મહત્વની વાત એ છે કે આ માટે શાળાઓ અને કોલેજોમાં મોટા પાયે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન ત્યારે જ સફળ થશે જ્યારે માનવ વર્તન બદલાશે. લેન ડિસિપ્લિન પર બોલતા નીતિન ગડકરીએ કહ્યું કે અહીં લોકો કોઈપણ લેન પર ચાલે છે, લેન ડિસિપ્લિન ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સાથે ગડકરીએ કહ્યું કે સરકારે લગભગ 4 હજાર બ્લેક સ્પોટની ઓળખ કરી છે જ્યાં અકસ્માતો થાય છે. અમે મોટા પાયે બ્લેક સ્પોટ્સની ઓળખ કરી રહ્યા છીએ અને તેમને સુધારી રહ્યા છીએ. આ સિવાય અમે રોડ સેફ્ટી ઓડિટ કરી રહ્યા છીએ.

## તંત્રીસ્થાનેથી...

# ક્રોસ વોટિંગની કરામત, વિપક્ષને મોટો ઝટકો લાગ્યો




**સંસદસભ્યો** અને ધારાસભ્યોની પાર્ટી માટે નિષ્ઠા બદલવી એ આપણા દેશમાં નવી વાત નથી કે ક્રોસ વોટિંગ પણ નવી નવાઈ નથી. તેમ છતાં, ગત મંગળવારે રાજ્યસભાની ૧૫ બેઠકો માટેની ચૂંટણીમાં જોવા મળેલા મોટા પાયે ક્રોસ વોટિંગને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. કારણ એ છે કે આ વખતે આ ટ્રેન્ડે જૂની પેટર્નને ઘણી રીતે તોડી નાખી છે, જેના કારણે જૂની લાઈન પર થતી ટીકાઓ અપ્રમાણસર લાગવા લાગી છે. ધારાસભ્યો હોય કોઈ પણ પક્ષના, પરંતુ તેઓ સત્તાધારીથી પ્રભાવિત હોય છે. આમ તો આપણા દેશમાં આજકાલ ભાજપે જે પુલ બાંધવાનાં કામોનો ઉપાડો લીધો છે તેમાં કેટલાક અદ્રશ્ય પુલો એવા પણ બાંધી લીધા છે જે વિરોધ પક્ષોના ઘર સુધી જાય છે. આ અદ્રશ્ય પુલો પર આયારામ-ગયારામ નામની એક વિશેષ માનવ પ્રજાતિ ગતિ કરે છે, જેણે શાસક પક્ષને તૈયાર માલ ખરીદવાની અનુકૂળતા કરી આપી છે. સૌરાષ્ટ્રમાં માલ-ઢોર શબ્દ સાથે બોલાય છે.

સામાન્ય રીતે થાય છે તેમ, આ વખતે પણ એક વર્ગ ક્રોસવોટિંગને સત્તાના દુરુપયોગ અને શાસક પક્ષની અલોકતાંત્રિક વૃત્તિઓનું પરિણામ ગણાવી રહ્યો છે. પરંતુ આ વખતે આ ટીકા તીક્ષ્ણ જણાતી નથી, કારણ કે કોંગ્રેસ પણ આ મામલે પાછળ રહી નથી. કર્ણાટકમાં, જ્યાં તે સરકારમાં છે, તેનો એક ઉમેદવાર ભાજપના ધારાસભ્યના ક્રોસવોટિંગને કારણે જીત્યો હતો. એટલે કે દેશમાં જે લોકો ઈતર પક્ષના અપલક્ષણની ટીકા કરે છે તેવા જ દુર્ગુણો તેઓ પોતે પણ પરદા પાછળ છુપાવીને ફરે છે. દેશની નાગરિકતા સંસ્કારોના પતનનાં આ ચિન્હો છે, કારણ કે રાજનેતાઓ આખરે તો પ્રજા સમુદાયમાંથી જ આવે છે. રાજનેતાઓની વારંવાર ટીકા કરતી પ્રજાએ પોતે પણ આત્મદર્શન કરવાની જરૂર હોય છે.

યુપીમાં ક્રોસવોટિંગે સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હતું. પ્રથમ, અહીં બેઠકોની સંખ્યા સૌથી વધુ હતી. બીજું, ક્રોસવોટ કરનારા ધારાસભ્યોની સંખ્યા પણ વધુ હતી. ત્રીજું, ક્રોસવોટિંગ કરનાર ધારાસભ્ય પણ મોટા કદના હતા. સમાજવાદી પાર્ટીના ચીફ વ્હીપ, જે રાયબરેલીના છે, તેઓ ખુદ પણ ક્રોસવોટિંગમાં સામેલ હતા. આગામી લોકસભા ચૂંટણીના દ્રષ્ટિકોણથી પણ તેને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તેમના ભાજપમાં જોડાયા અને રાયબરેલીથી ટિકિટ લીધા પછી, વિરોધ પક્ષો I.N.D.I.A. ગઠબંધન માટે અસુવિધાજનક સ્થિતિ સર્જાવાની આ વાત છે. રાયબરેલીની હાલત અત્યારે ઝુમરી તલૈયા જેવી થઈ ગઈ છે. રાયબરેલી ગાંધી પરિવારની બેઠક રહી છે. હવે નહેરુ-ગાંધી પરિવાર ત્યાંથી માત્ર ફરમાઈશના ગીતો જ સાંભળી શકે છે. એમની ફરમાઈશ પ્રમાણે મતદાન થશે કે નહીં એ અસમંજસ પ્રવર્તી છે.

હિમાચલ પ્રદેશમાં ક્રોસવોટિંગે અત્યંત સુરક્ષિત ગણાતી સીટ પર કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવીને ફટકો માર્યો, એટલું જ નહીં, રાજ્ય સરકારના અસ્તિત્વ સામે પણ પડકાર ઊભો કર્યો. રાજ્યસભાની ચૂંટણીના બહાને રાજ્યમાં સરકારની રચના થઈ ત્યારથી જે જૂનો અસંતોષ હતો અને જેને દૂર કરવા માટે કોંગ્રેસ નેતૃત્વ કોઈ અસરકારક પ્રયાસ કરી શક્યું ન હતું, તે ધૂમાડો બહાર આવ્યો. જોકે કેન્દ્રમાં વર્તમાન સરકારને દરેક મહત્ત્વના પ્રસંગે એનડીએની બહારના અનેક પક્ષોનો ટેકો મળી રહ્યો છે, પરંતુ તેમ છતાં પણ હકીકત એ છે કે વર્તમાન કાર્યકાળના અંતે પણ સતત દસ વર્ષ શાસન કર્યા બાદ સત્તારૂઢ ગઠબંધન સંસદના ઉપલા ગૃહમાં બહુમતી હાંસલ કરી શકી નથી. મંગળવારે મળેલી જીત પછી પણ રાજ્યસભામાં NDA સભ્યોની કુલ સંખ્યા બહુમત માટે જરૂરી સંખ્યા (૧૨૧) કરતાં ચાર ઓછી છે. આ રેખાને ક્રોસ કરવા માટે ક્રોસ વોટિંગને શાસકોએ અમોઘ હથિયાર છે.

જોકે, એ ન ભૂલવું જોઈએ કે લોભ અને દબાણના કારણે ધારાસભ્યોની નિષ્ઠા બદલવી એ લોકશાહીને નબળી પાડવાની વૃત્તિ છે, જેને કોઈપણ પક્ષ પોતાની તાકાત કે વિજય તરીકે જાહેર કરે છે તે દેશની લોકતાંત્રિક ચેતના પર પ્રશ્નાર્થ લાવે છે.

# રશિયા પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરશે, UK, US, યુક્રેન, જર્મનીને તબાહ કરી દેશે ?

## વિચાર મંથન

**અમેરિકા** અને યુરોપના ૩૧ દેશોના બનેલા સંગઠન ‘નાટો’એ યુક્રેનને એફ-૧૬ ફાઈટર જેટ આપવાનું એલાન કર્યું તેની સામે રશિયાએ પરમાણુ હુમલાની ધમકી આપતાં વિશ્વભરમાં ફફડાટ છે. ‘નાટો’ના સેક્રેટરી જનરલ જેન્સ સ્ટોલ્ટનબર્ગે એલાન કર્યું છે કે, અમેરિકાનાં અત્યાધુનિક એફ-૧૬ ફાઈટર જેટ યુક્રેનને અપાય કે તરત રશિયામાં જઈને હુમલો કરવાની મંજૂરી અપાશે. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનના ખાસ મનાતા દમિત્રી મેડવેડેવે તેની સામે ખુલ્લી ધમકી આપી છે કે, યુક્રેનને એફ-૧૬ ફાઈટર જેટ અપાશે તો રશિયા પરમાણુ યુધ્ધ શરૂ કરી દેશે.



મેડવેડેવનો દાવો છે કે, પશ્ચિમના દેશોના ‘નપુંસક’ નેતાઓને ત્રીજા વિશ્વ યુધ્ધનો ખતરો કેટલો મોટો છે તેનો અંદાજ જ નથી અને રશિયા ‘એક્સિડેન્ટલી’ ન્યુક્લીયર વોર શરૂ કરી શકે છે તેની ખબર જ નથી. ‘નાટો’ના પાયલોટ્સ અત્યારે યુક્રેન એરફોર્સના પાયલોટ્સને એફ-૧૬ની ટ્રેઈનિંગ આપી રહ્યા છે. મેડવેડેવે આ ટ્રેઈનિંગ બંધ કરવા પણ ચીમકી આપી છે.

‘નાટો’ના સૈનિકો યુક્રેનમાં છૂપી રીતે લડી રહ્યા છે એવો દાવો કરીને મેડવેડેવે પંદરેક દિવસ પહેલાં પણ ધમકી આપેલી કે, રશિયા યુક્રેનમાં જીતેલા વિસ્તારો ગુમાવશે તો અમેરિકા તથા યુરોપના દેશોનું આવી બનશે. રશિયા અમેરિકા, યુકે, જર્મની અને યુક્રેન સામે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીને તેમને તબાહ કરતાં પહેલાં એક વાર પણ વિચાર નહીં કરે. મેડવેડેવની ધમકી પછી ‘નાટો’એ યુક્રેનને રશિયા સામે એફ-૧૬ ફાઈટર જેટ્સનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનું એલાન કરતાં મેડવેડેવે પરમાણુ યુધ્ધની ધમકી આપી દીધી છે. એફ-૧૬ ફાઈટર પ્લેન્સ યુક્રેનને આ વર્ષના અંત સુધીમાં મળવાનાં છે તેથી રશિયાને પોતાની ધમકીનો અમલ કરવાની ફરજ પડે તેને વાર છે પણ વિશ્વના યુધ્ધ નિષ્ણાતો માને છે કે, વ્લાદિમિર પુતિનની ધમકીને હળવાશથી લેવાય એમ નથી. પુતિન સનકી છે અને હાર જોવા ટેવાયેલા નથી તેથી ગમે તે હદે જઈ શકે છે, પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ પણ કરી શકે છે.

આ નિષ્ણાતો ‘નાટો’ના સભ્ય દેશોના વલણને પણ અપરિપક્વ ગણાવી રહ્યા છે. તેમના મતે ‘નાટો’ રશિયાને ત્રીજા વિશ્વ યુધ્ધ માટે ઉશ્કેરી રહ્યું છે. અમેરિકા તથા તેના સાથી દેશો યુક્રેનને આગળ કરીને રશિયા સામે પરોક્ષ રીતે લડી રહ્યા છે એ જગજાહેર છે. અમેરિકા સહિતના દેશો યુક્રેનને ભરપૂર આર્થિક અને લશ્કરી સહાય કરી રહ્યા છે. યુક્રેનના લશ્કરે અમેરિકા આપે છે એવાં શસ્ત્રો બાપ જન્મારામાં જોયાં નથી તેથી તેમને આ શસ્ત્રો ચલાવતાં આવડતું નથી.

‘નાટો’એ યુક્રેનમાં પેટ્રિયટ અને નાસામ જેવી એર ડીફેન્સ સિસ્ટમ લગાવી છે કે જેની યુક્રેનને પહેલાં કદી જરૂર જ નહોતી પડી. રોકેટ લોન્ચિંગ સિસ્ટમ હિમાર્સ, ફ્રાન્સનાં સ્ટોર્મ શેટો ક્રૂઝ મિસાઈલ્સ વગેરે યુક્રેન માટે સાવ નવાં છે. ‘નાટો’ના સૈનિકો યુક્રેનના સૈનિકોને આ શસ્ત્રો ચલાવવાની ટ્રેઈનિંગ જ નથી આપી રહ્યા પણ યુક્રેનની આર્મીનો યુનિફોર્મ પહેરીને લડી પણ રહ્યા છે. આ સૈનિકોના યુનિફોર્મ પર જે તે દેશ પ્રમાણે કલરની પટ્ટી લગાવેલી હોય છે તેથી એ ક્યા દેશના છે એ પણ ખબર પડી જાય છે. અમેરિકા સહિતના દેશો એવો બચાવ કરે છે કે, આ બધા મર્સીનરીઝ એટલે કે ભાડૂતી સૈનિકો છે કે જેમને યુક્રેને પૈસા આપીને બોલાવ્યા છે. યુક્રેનની ભાડૂતી સૈનિકોને લાવીને રશિયા સામે લડવાની તાકાત જ નથી એ કહેવાની જરૂર નથી છતાં ‘નાટો’ના દેશો આવી ગોળીએ ગળાવે છે. આ વાત સમયાંતરે ખોટી પણ સાબિત થાય છે

રશિયાના લશ્કરે ખાર્કિવ પર કબજો કર્યો એ પહેલાં એક હોટલમાંથી રશિયન આર્મી પર ભારે ગોળીબાર થયેલો. રશિયાએ તેમને સાફ કરી નાંખીને હોટલ પર કબજો કર્યો ત્યારે તેમાંથી ૬૦ ફ્રેન્ચ મર્સીનરીઝની લાશો મળેલી. ફ્રેન્ચ સરકારે પોતાને તેમની સાથે કંઈ લેવાદેવા નહીં હોવાનો દાવો કરેલો પણ આ વાત ગળે ઉતરે તેવી નથી.

યુક્રેનની ભાડૂતી સૈનિકોને લાવીને રશિયા સામે લડવાની તાકાત જ નથી એ કહેવાની જરૂર નથી ત્યારે ફ્રાન્સથી કઈ રીતે સૈનિકો આવ્યા હશે એ સવાલ થાય જ.

રશિયા ‘નાટો’ની યુધ્ધમાં આ સક્રિય ભૂમિકાથી ખિજવાયેલું છે જ. હવે અમેરિકાનાં એફ-૧૬ વિમાનોથી યુક્રેન રશિયા પર આક્રમણ કરે તેનો અર્થ એ થાય કે, ‘નાટો’ સત્તાવાર રીતે યુદ્ધમાં સામેલ થઈ ગયું છે.

એફ-૧૬ વિમાનો દુનિયાનાં ઘણાં દેશો પાસે છે પણ એ દેશોએ અમેરિકા પાસેથી ખરીદેલાં છે. યુક્રેન એફ-૧૬ વિમાનો વેચાતાં નથી લેવાનું પણ ‘નાટો’ના દેશો પાસેનાં એફ-૧૬ વિમાનો તેને અપાવાનાં છે.

અત્યાર જે યોજના છે એ પ્રમાણે જર્મની અને ડેન્માર્કનાં ‘નાટો’ના બેઝ પરથી એફ-૧૬ વિમાનો યુક્રેનને અપાશે. યુક્રેન ‘નાટો’ના લશ્કરના પ્લેન કે શસ્ત્રો રશિયા પર આક્રમણ કરવા વાપરે તેન મતલબ એ જ થાય કે, ‘નાટો’ યુધ્ધમાં જોડાયું છે.

યુધ્ધ નિષ્ણાતો આ નિર્ણયને ‘નાટો’ના દેશોની મહામૂર્ખામી ગણાવી રહ્યા છે. તેમના મતે, અમેરિકાએ શાણપણ વાપરીને તાત્કાલિક રીતે એફ-૧૬ પ્લેન યુક્રેનને આપવાનો નિર્ણય રદ કરવો જોઈએ, બાકી ત્રીજું વિશ્વ યુધ્ધ શૂ થતાં વાર નહીં લાગે. આ યુધ્ધમાં અમેરિકા તથા તેના સાથી દેશોને વધારે નુકસાન થશે કેમ કે રશિયા પાસે અમેરિકા જેટલાં જ પરમાણુ શસ્ત્રો છે. રશિયાને વોશિંગ્ટન, લંડન કે બર્લિન જેવાં શહેરોને તબાહ કરતાં વાર નહીં લાગે.

એશિયા સુધી આ લડાઈ ના પહોંચે કેમ કે આ જંગ રશિયા વર્સીસ અમેરિકાનો છે. આ સંજોગોમાં ભારતને અસર ના થાય પણ લીલા ભેગું સૂકું બળે એમ યુરોપના બીજા દેશોને અસર વર્તાય એ જોતાં યુરોપના મોટા ભાગના દેશો તબાહ થઈ જાય. આ તબાહીને રોકવી અમેરિકા તથા બીજા દેશોના હાથમાં છે. પુતિન યુધ્ધવિરામ માટે તૈયાર છે ત્યારે અમેરિકા સહિતના દેશોએ પણ મમત છોડીને યુધ્ધવિરામ સ્વીકારવાની જરૂર છે. તેના કારણે ત્રીજા વિશ્વ યુધ્ધનો ખતરો ટળી જશે.

### ટ્રમ્પ ફરીથી USના પ્રેસિડન્ટ બને તેવી પૂરી શક્યતા

# અમેરિકામાં ફરીવાર ટ્રમ્પ સરકાર !

ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એક વખત યુએસના પ્રેસિડન્ટ બને તેવી શક્યતા છે. રિપબ્લિકન પાર્ટી તરફથી ટ્રમ્પની ઉમેદવારી લગભગ છે. અમેરિકામાં પ્રેસિડન્ટની ચૂંટણી હવે નજીક આવી ગઈ છે. અત્યારના પ્રમુખ જો બાઈડેનની ઉંમર વધારે છે અને અમેરિકનો તેમને ફરીથી પ્રેસિડન્ટ તરીકે જોવા માગતા નથી. મોટા ભાગના અમેરિકન માને છે કે ટ્રમ્પ વખતે વધારે સારી કામગીરી થઈ હતી. નવેમ્બર મહિનામાં અમેરિકામાં પ્રેસિડન્ટની ચૂંટણી યોજાશે. સાઉથ કેરોલિનામાં યોજાયેલી રિપબ્લિકન પાર્ટીની પ્રાઈમરીમાં ટ્રમ્પે તેમના હરીફ નિક્કી હેલીને આસાનીથી હરાવી દીધા હતા. નિક્કી હેલી ભારતીય મૂળના ઉમેદવાર છે. આ વિજય પછી યુએસ પ્રેસિડન્ટની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર બનવા માટે એક કદમ આગળ વધ્યા છે. ચૂંટણી જાહેર થયા પછી તાજેતરના લેટેસ્ટ સરવેમાં એવું જાણવા મળે છે કે ટ્રમ્પ જ જીતે તેમ છે. ટ્રમ્પ સામે ઘણા બધા ગંભીર આરોપો થયા છે અને તેમની સામે ક્રિમિનલ કેસ પણ થયેલા છે. છતાં તેઓ લીડમાં સૌથી આગળ છે.

ચૂંટણીના માહોલ વચ્ચે ટ્રમ્પે મહત્વનુ નિવેદન આપ્યુ છે. જેનાથી ગેરકાયદે રહેતા માઈગ્રન્ટ્સની મુશ્કેલી વધી શકે છે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા કહ્યું હતુ કે આપણે લાખો લોકોને ડિપોર્ટ કરવાના છે અને આ કામ જલ્દી શરૂ કરવું પડશે, જેના માટે લોકલ પોલીસને પણ આ કામમાં સામેલ કરવી પડશે. લોકલ પોલીસ સારી રીતે જાણે છે કે માઈગ્રન્ટ્સ ક્યાં રહે છે અને કોને-કોને ડિપોર્ટ કરવાના છે. હાલ પોલીસ પાસે માઈગ્રન્ટ્સને પકડવાની સત્તા ન નથી અને અમે સત્તા પર આવશુ તો પોલીસને આ પાવર આપશે. ટ્રમ્પ અગાઉ પણ માસ ડિપોર્ટેશન માટે આર્મીની મદદ લેવાની વાત કરી ચૂક્યા છે, તે અવારનવાર અમેરિકન પ્રેસિડેન્ટ આઈઝન હોવરના શાસનકાળમાં હાથ ધરાયેલા માસ ડિપોર્ટેશનની વાતો કરતા રહે છે જેમાં ૧૦ લાખ લોકોને ડિપોર્ટ કરાયા હતા જેને ‘ઓપરેશન વેટબેક’ નામ આપવામાં આવ્યું હતું. અમેરિકાના ઈતિહાસમાં અત્યારસુધી થયેલા આ સૌથી મોટા માસ ડિપોર્ટેશનમાં મિલિટરી સ્ટાઈલથી માઈગ્રન્ટ્સને શોધી-શોધીને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા જેમાંના મોટાભાગના મેક્સિકન્સ હતા. અમેરિકામાં 2024માં ચૂંટણી થવાની છે અને હાલની સ્થિતિમાં ડોનાલ્ડ ટ્રમ્પ બાઈડેનને આકરી ટક્કર આપી રહ્યા છે.



અનંત
સંદીપ હીરપરા

બાઈડેનને ઘેરવાની એકેય તક જતી ના કરતા ડોનાલ્ડ ટ્રમ્પ માઈગ્રન્ટ્સ ક્રાઈસિસ માટે માત્રને માત્ર જો બાઈડેનને જવાબદાર ઠેરવી રહ્યા છે. બાઈડેનના કાર્યકાળમાં અમેરિકામાં ઈલીગલી બોર્ડર ક્રોસ કરીને ઘૂસેલા લોકોનો અત્યારસુધીનો આંકડો 63 લાખથી પણ વધુ થાય છે. એક તરફ ડોનાલ્ડ ટ્રમ્પ માઈગ્રન્ટ્સ ક્રાઈસિસને પોતાના પ્રચારનો મુખ્ય મુદ્દો બનાવી રહ્યા છે તો બીજી તરફ બાઈડેનને પણ તેનાથી નુક્સાન તો થઈ જ રહ્યું છે. પરંતુ આ વખતે ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડેન વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળે તેવી શક્યતા છે. ત્યારે એ જોવાનું રહેશે કે આ વખતે મતદારો કોના પર પસંદગીનો કળશ ઢોળે છે.




## Gadgets ગુરૂ

### Samsung Galaxy F15 5G ફોન 11,999માં લૉન્ચ

દક્ષિણ કોરિયાની ટેક કંપનીએ આ ફોનને વોઈસ ફોકસ ઓન ફીચર સાથે રજૂ કર્યો છે. જેમાં યુઝર્સ ભીડવાળી જગ્યાએ પણ શાંતિથી વાત કરી શકશે. આ સિવાય યુઝર્સને ડિવાઈસમાં બે દિવસના બેકઅપ સાથે 6000 mAh બેટરી, સુપર AMOLED ડિસ્પ્લે, 50 મેગાપિક્સલનો ટ્રિપલ રિયર કેમેરા સેટઅપ જેવી સુવિધાઓ મળશે.

- 6.5 ઈંચની ફુલ HD + સુપર AMOLED ડિસ્પ્લે
- 120Hz સુધી રિફ્રેશ રેટ
- 25W ફાસ્ટ ચાર્જિંગ સપોર્ટ
- 6,000 mAh બેટરી
- 50MP ફ્રન્ટ સેન્સર
- 5MP અલ્ટ્રા વાઈડ એંગલ લેન્સ
- 13MP ફ્રન્ટ કેમેરા લેન્સ



# #elon musk

## લાંબા સમય પછી એલન મસ્કની પીછેહઠ, જેફ બેઝોસનો જાદુ ચાલશે...

# ટેસ્લાના માલિક મસ્કની લાંબા સમયે પીછેહઠ

## એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ સૌથી ધનવાન વ્યક્તિ બની ગયા

■ ન્યૂયોર્ક

ટેસ્લાના સીઈઓ અને સ્પેસએક્સના માલિક એલન મસ્કે લાંબા સમયથી વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિનું સ્થાન મેળવ્યુ હતુ. જોકે હવે તેઓ દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ રહ્યા નથી. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ આ ધનવાનોની લિસ્ટમાં પહેલા સ્થાને આવી ગયા છે અને તેમણે ઈલોન મસ્કને બીજા સ્થાન પર ધકેલી દીધા છે. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસની પાસે અત્યારે 200 અબજ ડોલરની સંપત્તિ છે અને આ સાથે જ તેઓ વિશ્વના સૌથી ધનવાન બિઝનેસમેન અને ધનવાન વ્યક્તિ બની ગયા છે. જોકે જેફ બેઝોસની સંપત્તિમાં પણ 500 મિલિયન ડોલરનો ઘટાડો આવ્યો છે પરંતુ તેમની કુલ નેટવર્થ 200 બિલિયન ડોલર પર છે જે એલન મસ્કની કુલ સંપત્તિ કરતા વધુ છે. આ વર્ષે અત્યાર સુધીમાં જેફ બેઝોસે પોતાની સંપત્તિ 23.4 બિલિયન ડોલર વધારી દીધી છે જ્યારે એલન મસ્કની નેટવર્થ આ વર્ષે 31.3 બિલિયન ડોલર ઘટી છે.

### એલન મસ્કનું પાછળ થવાનું કારણ શું?

ગ્લોબલ બજારોમાં એલન મસ્કની કંપની ટેસ્લાના શેરોમાં ભારે ઘટાડો આવ્યો છે અને જેના કારણે ઈલોન મસ્કની નેટવર્થમાં કુલ 17.6 બિલિયન ડોલરનો ઘટાડો આવ્યો છે. ટેસ્લાના શેરોની કુલ મૂડી ઘટવાના કારણે ઈલોન મસ્કની નેટવર્થ ઘટીને 200 બિલિયન ડોલરથી નીચે જઈ પહોંચી. અત્યારે 198 બિલિયન ડોલરની કુલ સંપત્તિ સાથે એલન મસ્ક બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સમાં બીજા સ્થાને પહોંચી ગયુ છે.

**બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સમાં ટોપ 10 ધનવાનોના નામ**

| ધનવાનોના નામ | કુલ સંપત્તિ |
|---|---|
| જેફ બેઝોસ | 200 |
| એલન મસ્ક | 198 |
| બર્નાર્ડ આર્નોલ્ટ | 197 |
| માર્ક ઝકરબર્ગ | 179 |
| બિલ ગેટ્સ | 150 |
| સ્ટીવ બાલ્મર | 43 |
| વોરેન બફેટ | 133 |
| લેરી એલિસન | 129 |
| લેરી પેજ | 122 |
| સેર્ગેઈ બ્રિન | 116 |

નોંધ: તમામ આંકડા બિલિયન ડોલરમાં છે...

# ભારતીય મૂળના અબજોપતિની મસ્કને નોટિસ, કહ્યું- આ ખાટી દ્રાક્ષની વાત છે

## વિનોદ ખોસલા અને મસ્ક વચ્ચે સોશિયલ મીડિયા પર વોર

### મસ્કે ઓપનAI સામે પણ કેસ દાખલ કર્યો છે

■ કેલિફોર્નિયા

ટેસ્લાના સીઈઓ એલન મસ્ક અને ભારતીય મૂળના અમેરિકન અબજોપતિ વિનોદ ખોસલા વચ્ચે સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચા ચાલી હતી. ખરેખર એલન મસ્કે OpenAI સામે કેસ દાખલ કર્યો છે. મસ્કે OpenAI અને તેના CEO સેમ ઓલ્ટમેન વિરુદ્ધ કેટલાક કરારોના કથિત ઉલ્લંઘનનો આરોપ લગાવીને કેસ દાખલ કર્યો છે. સેમ ઓલ્ટમેન અને એલન મસ્કે મળીને 2015માં OpenAIની શરૂઆત કરી હતી. તે જ સમયે, 2019 માં, વિનોદ ખોસલાએ OpenAI ના ChatGPT માં રોકાણ કર્યું હતું. તેણે 50 મિલિયન ડોલરનું રોકાણ કર્યું હતું. વિનોદ ખોસલા સન માઈક્રોસિસ્ટમ્સના સહ-સ્થાપક અને ખોસલા વેન્ચર્સના સ્થાપક છે. ફોર્બ્સ અનુસાર, ખોસલાની કુલ સંપત્તિ 6.8 અબજ ડોલર (લગભગ 50 હજાર કરોડ રૂપિયા) છે.



### બંને વચ્ચે શું થયું?

વિનોદ ખોસલા અને એલન મસ્ક વચ્ચેની આ ચર્ચા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર થઈ હતી. વિનોદ ખોસલાએ X પર પોસ્ટ કર્યું કે OpenAIના ChatGPT સામે દાવો દાખલ કરવો એ ખાટી દ્રાક્ષના કેસ જેવું લાગે છે. આના પર મસ્કે પણ તેને જવાબ આપ્યો. કસ્તુરીએ જવાબ આપ્યો, 'વિનોદ જાણતો નથી કે તે અહીં શું વાત કરી રહ્યો છે.' આ પછી ખોસલાએ ફરી મસ્કને જવાબ આપ્યો. તેણે લખ્યું, 'તમે પહેલા આવ્યા છો પરંતુ ક્યારેય પ્રતિબદ્ધ નથી રહ્યા. વાસ્તવિક પ્રગતિ માટે વાસ્તવિક ભંડોળની જરૂર છે. ઘણી બિન-લાભકારી સંસ્થાઓ નફો કમાવવાની રીતો શોધે છે. એલન મસ્કનો આરોપ છે કે માઈક્રોસોફ્ટ સાથે સહયોગ કર્યા પછી ઓપનએઆઈ તેના મૂળ હેતુથી ભટકી ગઈ છે. OpenAI ચીફ સ્ટ્રેટેજી ઓફિસર જેસન કવાને આ આરોપોનો જવાબ આપ્યો. કંપની પર માઈક્રોસોફ્ટનું નિયંત્રણ હોવાના આરોપોને પણ તેમણે ફગાવી દીધા હતા. તેણે કહ્યું કે મસ્ક હવે OpenAI સાથે જોડાયેલા નથી અને આ અફસોસના કારણે તે ટીકા કરી રહ્યા છે.

### સાન ફ્રાન્સિસ્કો કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો

એલન મસ્કે તાજેતરમાં જ ઓપનએઆઈ અને તેના સીઈઓ સેમ ઓલ્ટમેન વિરુદ્ધ સાન ફ્રાન્સિસ્કો કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. મસ્ક દાવો કરે છે કે માઈક્રોસોફ્ટ સાથે મળીને ઓપનએઆઈ માનવ હિતોને અવગણીને નફો કરી રહી છે, જ્યારે તેનો વાસ્તવિક હેતુ ઓપન-સોર્સ આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ (એજીઆઈ) પર કામ કરવાનો છે. આમાં તેણે માંગ કરી છે કે ઓપનએઆઈ અને માઈક્રોસોફ્ટ પર એજીઆઈ ટેક્નોલોજી (GPT-4)થી નફો કમાવવા પર પ્રતિબંધ લગાવવો જોઈએ. આ સાધન માટે ફી વસૂલવી એ OpenAI ના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. મસ્ક ઓપનએઆઈના સ્થાપક સભ્ય છે. મસ્કે મુકદમામાં



આરોપ લગાવ્યો છે કે ઓપનએઆઈના નિર્ણયોમાં માઈક્રોસોફ્ટનો પ્રભાવ છે. તેણે ઓપનએઆઈમાંથી સેમ ઓલ્ટમેનની બરતરફી અને પછી પુનઃસ્થાપનની પણ ટીકા કરી હતી. ભૂતકાળમાં એલન મસ્ક અને ઓપનએઆઈ વચ્ચે સમસ્યા રહી છે. 2018માં મસ્કે ટેસ્લા સાથે OpenAI ને મર્જ કરવાની વાત કરી હતી.

# મસ્કની કંપની છ માસમાં 100 ઉપગ્રહ તોડી પાડશે

## વાતાવરણ પર ખરાબ અસર થવાની શક્યતા

કેલિફોર્નિયાઃ એલન મસ્કે કહ્યુ કે તેઓ પોતાના 100 સ્ટારલિંક સેટેલાઈટ્સને આગામી છ મહિનામાં પૃથ્વી પર તોડી પાડશે કેમ કે આ સેટેલાઈટની ડિઝાઈનમાં ભૂલ છે. તે ફેલ થઈને બીજા સેટેલાઈટ્સ કે સ્પેસક્રાફ્ટ્સને નુકસાન પહોંચાડી શકે છે. તેથી તેમની SpaceX કંપની આ સ્ટારલિંક સેટેલાઈટ્સને ડી-ઓર્બિટ કરશે. ડી-ઓર્બિટનો અર્થ છે કે સેટેલાઈટ્સને પૃથ્વી પર લાવવામાં આવશે. આ દરમિયાન તે વાતાવરણ પાર કરશે. બસ ત્યાં જ આ સેટેલાઈટ્સનું બાકીનું જીવન પણ ખતમ થઈ જશે. સેટેલાઈટ્સ વાતાવરણ પાર કરીને પૃથ્વી તરફ આવી રહ્યા છે કે પછી લાવવામાં આવી રહ્યા છે. તેનાથી વાતાવરણ ખરાબ થઈ રહ્યુ છે. તેની અસર પૃથ્વીના ક્લાઈમેટ પર પણ પડી રહી છે કેમ કે આ સેટેલાઈટ્સમાં ઓઝોનને ઘટાડનાર ધાતુ હોય છે.

# ટ્વિટરના પૂર્વ CEO પરાગ મસ્ક વિરુદ્ધ કોર્ટ પહોંચ્યા

## 128 મિલિયન ડૉલરથી વધુનો કર્યો દાવો, મસ્કે ટ્વિટર ખરીદ્યા પછી કેટલાંક અધિકારીઓની કરી હતી હકાલપટ્ટી



કેલિફોર્નિયા : ટ્વિટરના પૂર્વ CEO પરાગ અગ્રવાલ સહિત ચાર પૂર્વ ટોચના અધિકારીઓએ એલન મસ્ક સામે 128 મિલિયન ડૉલરથી વધુનો દાવો માંડ્યો છે. સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઈલોન મસ્ક વિરુદ્ધ કાર્યવાહી કરી રહેલા અન્ય લોકોમાં ટ્વિટરના પૂર્વ ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર નેડ સેગલ, પૂર્વ લીગલ ચીફ ઓફિસર વિજયા ગડ્ડે અને પૂર્વ જનરલ કાઉન્સેલ સીન એજેટના નામનો સમાવેશ થાય છે.

### અધિકારીઓએ મસ્કના આરોપોને નકારી કાઢ્યા હતા

ઈલોન મસ્કે એક્સ (અગાઉનું ટ્વિટર) હસ્તગત કર્યા પછી આ અધિકારીઓને બરતરફ કર્યા હતા. મસ્કે કામમાં બેદરકારી અને ગેરવર્તણૂક બદલ અધિકારીઓને બરતરફ કર્યા હતા. જોકે, આ અધિકારીઓએ મસ્કના આરોપોને નકારી કાઢ્યા હતા. કેલિફોર્નિયાની યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ઈલોન મસ્ક વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે એક્સના પૂર્વ ટોચના અધિકારીઓના કરારમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે નોકરીમાંથી કાઢી મૂક્યા પછી તેઓને અલગ પગાર આપવામાં આવશે. આવી સ્થિતિમાં એક્સ (અગાઉ ટ્વિટર)માંથી કાઢી મૂક્યા પછી અધિકારીઓને અલગથી પગાર મળવો જોઈતો હતો.

### ઈલોન મસ્ક અને ટ્વિટર ડીલની ખૂબ ચર્ચા થઈ હતી

નોંધનીય છે કે એલન મસ્ક અને ટ્વિટર વચ્ચેની ડીલની ખૂબ ચર્ચા થઈ હતી. જો કે, ઘણા વિવાદો પછી, વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે 28 ઓક્ટોબર, 2022ના રોજ માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરની કમાન સંપૂર્ણપણે સંભાળી લીધી હતી. આ ડીલ લગભગ 44 બિલિયન ડોલરમાં થઈ હતી.

**અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી**

## ચૂંટણીમાં ફંડની વ્યવસ્થા કેવી હોય છે? કેટલો ખર્ચ કરી શકાય?

# પ્રચાર માટે સરકારી ફંડનો સહારો લીધો તો ખાનગી ફંડ નહીં મળે...

**વૉશિંગ્ટનઃ ભારતમાં ચૂંટણી ટાણે ફન્ડિંગની ચર્ચા થતી હોય છે. ઈલેક્ટ્રોલ બોન્ડ દ્વારા દાન લઈ રાજકીય પક્ષ તેમજ ઉમેદવારો ચૂંટણીમાં ખર્ચ કરતા હોય છે. ક્યારેક ઉમેદવારો પોતાના પૈસાથી પણ ચૂંટણી લડતા હોય છે. અમેરિકાની ચૂંટણીની વાત કરીએ તો ત્યાં ફન્ડિંગ સિસ્ટમ કંઈક અલગ છે. ભારતમાં પાર્ટીઓના ફન્ડિંગ પર વધુ ધ્યાન આપવામાં આવે છે, જ્યારે અમેરિકામાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવારોના ફન્ડિંગ પર નજર રાખવામાં આવે છે. 2020ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં 14 અબજ ડોલર (રૂપિયા 1.16 લાખ કરોડ) ખર્ચવામાં આવ્યા હતા, જે 2016 કરતાં બમણા છે...**

### •ઉમેદવારોને ભંડોળ ક્યાંથી મળે છે?

બાઈડેન, ડોનાલ્ડ ટ્રમ્પ, રોન ડીસેન્ટિસ અને નિક્કી હેલી ખાનગી સંસ્થા, કોર્પોરેશનો અને અન્ય વ્યક્તિઓ પાસેથી ભંડોળ મેળવે છે. જો ઉમેદવાર સરકારી ભંડોળનો ઉપયોગ કરે છે તો તે ખાનગી ફંડ લઈ શકશે નહીં. સરકારી ફંડ મર્યાદિત છે. આ કારણોસર ઉમેદવારો ખાનગી ફંડ એકત્ર કરવાનું પસંદ કરે છે.

### ટ્રમ્પ સૌથી વધુ ભંડોળ ક્યાં ખર્ચે છે?

ટ્રમ્પ કાયદાકીય રીતે પોતાનો બચાવ કરવા માટે પોતાના નાના દાતાઓના પૈસા ખર્ચી રહ્યા છે. ટ્રમ્પને કાયદાકીય રીતે રક્ષણ ન મળે તો ચૂંટણીમાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ટ્રમ્પ વારંવાર તેમના સમર્થકોના પૈસાનો ઉપયોગ તેમના વકીલોને ચૂકવવા માટે કરે છે. આ માટે 2021 અને 2022માં ટ્રમ્પે પોતાના નિયંત્રણ હેઠળની 'સેવ અમેરિકા' પીએસી દ્વારા 132 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા છે. જૂન 2023 સુધી તેમણે કાનૂની ફી તરીકે રૂ. 315 કરોડથી વધુ ખર્ચ કર્યા છે.

### ભંડોળ •કેવી રીતે એકત્ર કર્યું? ટ્રમ્પ

દરેક કોર્ટના આદેશ પછી ટ્રમ્પની પ્રચાર ટીમ સમર્થકોને દાન આપવા કહે છે. જેમ કે કોલોરાડોની કોર્ટે કેપિટોલ હિલ પરના હુમલામાં તેમની સંડોવણીને કારણે ટ્રમ્પને ચૂંટણી માટે ગેરલાયક ઠેરવ્યા હતા. આ પછી ટ્રમ્પની ટીમે સમર્થકોને ઈમેલમાં ફંડ દાન કરવાની અપીલ કરી હતી.

### બાઈડેને 590 કરોડ અને ટ્રમ્પે રૂ. 598 કરોડ ફંડ એકત્ર કર્યું

રાષ્ટ્રપતિ જો બાઈડેને સપ્ટેમ્બર સુધી 590 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. તેમનું સરેરાશ દાન 40 ડોલર (રૂ. 3324) હતું અને 97% દાતાઓએ 200 ડોલર (રૂ. 16621) કરતાં ઓછું દાન આપ્યું હતું. તે જ સમયે ટ્રમ્પે છેલ્લા 9 મહિનામાં 598 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. નિક્કી હેલીના સમર્થન બાદ કેટલાક મોટા દાતાઓએ તેના પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને તેમનું ભંડોળ 340 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.



### સરકારી - ખાનગી ફંડ કેવી મેળવી શકાય

ઉમેદવારો બે રીતે ફંડ મેળવી શકે છે. પ્રથમ ખાનગી ફંડ અને બીજું ખાનગી ફંડ. કરદાતાઓ પાસેથી એકત્ર કરાયેલ સરકારી ભંડોળ મર્યાદિત અને નિયમો દ્વારા બંધાયેલ છે. 1907માં 26મા પ્રમુખ થિયોડોર રુઝવેલ્ટે ચૂંટણી માટે પ્રાઈવેટ ફંડ પર પ્રતિબંધ મૂકીને જાહેર ભંડોળની વ્યવસ્થા બનાવવાની વાત કરી હતી. 64 વર્ષ પછી 1971માં યુએસ કોંગ્રેસે જાહેર ભંડોળની રચના કરી. આનાથી મોટા દાતાઓ પર ઉમેદવારોની નિર્ભરતા અને ચૂંટણીમાં ધાંધલ-ધમાલ ઓછી થઈ. દર વર્ષે સરકાર ફોર્મ 1040 દ્વારા કરદાતાઓ પાસેથી 1 ડૉલર (84 રૂપિયા) એકત્ર કરતી હતી, જે 1993માં વધીને 3 ડૉલર (250 રૂપિયા) થઈ ગઈ હતી. સરકારી ફંડનો ઉપયોગ તે ઉમેદવાર કરી શકે છે જેણે વધુ સમર્થન હોય. આ સાબિત કરવા માટે ઉમેદવારે પ્રાથમિક ચૂંટણી દરમિયાન 50માંથી 20 રાજ્યોમાં રાજ્યદીઠ ઓછામાં ઓછા 5000 ડોલર (રૂ. 4.15 લાખ) એટલે કે કુલ 1 લાખ ડોલર (રૂ. 83 લાખ) કરતાં વધુ રકમ એકત્ર કરવી પડશે. માત્ર 250 ડોલર (રૂ. 20,000) કરતા ઓછા નાના દાન સ્વીકારવામાં આવશે. ઉમેદવારો ખાનગી દાન લઈ શકતા નથી. ઉમેદવારો ચૂંટણીમાં પોતાના પર 50 હજાર ડોલર (41 લાખ રૂપિયા)થી વધુ ખર્ચ કરી શકતા નથી અને ચૂંટણીખર્ચનો અહેવાલ ચૂંટણીપંચને ઓડિટ માટે સબમિટ કરવાનો રહેશે.

**દાનની રકમ નક્કી કરવા માટેનો આધાર શું છે?** રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ભંડોળ માટે ચૂંટણીપંચ બે વર્ષમાં ફુગાવાના આધારે રકમ નક્કી કરે છે. આ ચૂંટણી માટે વ્યક્તિ દીઠ વધુમાં વધુ 3300 ડૉલર દાનની જોગવાઈ છે. તેનો અર્થ એ કે વ્યક્તિ પ્રાથમિક અને સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારને 6600 ડોલર આપી શકે છે. બીજી તરફ, વ્યક્તિ પીએસીને પ્રતિ વર્ષ 5000 ડોલર (રૂ. 4.15 લાખ) અને નેશનલ પાર્ટી કમિટીને દર વર્ષે 41,300 ડોલર (રૂ. 34.3 લાખ) આપી શકે છે. ઉમેદવારો મહત્તમ 100 ડોલર રોકડમાં લઈ શકે છે.

**ચૂંટણી નહીં લડો તો ફંડ પરત કરવું પડશે?** હા, જો કોઈ ઉમેદવાર પ્રાથમિક ચૂંટણી પહેલા ભંડોળ એકત્ર કરે છે અને પ્રાથમિક ચૂંટણી હારી જાય છે, તો મુખ્ય ઝુંબેશ સમિતિ 60 દિવસની અંદર ભંડોળના રિફંડની વ્યવસ્થા કરશે. આ સિવાય ચૂંટણીપંચ દરેક ઉમેદવારના ખર્ચના અહેવાલોનું ઓડિટ કરે છે. જેમાં ભ્રષ્ટાચાર શક્ય બને છે.

**NEWS FILE**

### USમાં હિંદી ભાષાની શાળા ૨૦ ગણી વધી, ૧૪૦૦૦ જેટલાં લોકો હિંદી શીખ્યા



ન્યૂયોર્કઃ અમેરિકામાં રાષ્ટ્ભાષા હિંદીનું શિક્ષણ મેળવવાનો ક્રેઝ વધતો જાય છે આથી હિંદી અભ્યાસક્રમને લગતા કોર્સમાં પણ વધારો થયો છે. છેલ્લા બે વર્ષમાં પહેલાની સરખામણીમાં હિંદી ભણાવવાનું પ્રમાણ ૧૦ ગણુ વધ્યું છે. અમેરિકામાં આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે હિંદી શિખવતી સ્કૂલોની સંખ્યા ૨૦ ગણી વધી છે. અમેરિકાની કુલ ૯૦ સ્કૂલોમાં હિંદીના કોર્સ ચાલે છે. એક માહિતી અનુસાર અમેરિકામાં હિંદી ભાષા શિખનારાની સંખ્યા વધીને ૧૪૦૦૦ થઇ છે. સરકારી સ્કૂલોમાં વૈશ્વિક ભાષા તરીકે હિંદી શીખવાય છે. અમેરિકાના પ્રતિષ્ઠિત વિશ્વ વિધાલયોમાં હિંદીના જુદા જુદા વિભાગો તૈયાર કરવામાં આવી રહ્યા છે. કુલ ૧૨ જેટલી યુનિવર્સિટીએ હિંદી વિભાગ શરુ પણ કર્યા છે. હિંદી ભાષાનો વિદેશમાં પ્રચાર પ્રસાર વધી રહયો છે. અમેરિકા અને કેનેડામાં વસતા ભારતના વિવિધ ભાષી લોકોને કોમ્યુનિકેશન માટે અંગ્રેજી ઉપરાંત હિંદી પણ મહત્વની સાબિત થઇ છે. ભારતમાં ૬૫ કરોડ લોકો હિંદી ભાષા બોલે છે. ઉત્તર ભારતના રાજયોમાં હિંદી વિશેષ બોલાય છે. હિંદી એક એવી ભાષા છે જેમાં લોકો સરળતાથી પરસ્પર જોડાઇ શકે છે.

### સૂકા વૃક્ષોએ રસ્તો જામ કર્યો, 10 ફૂટ ઉંચા ઝાડના થર જામ્યા





સાઉથ જોર્ડનઃ અમેરિકાના ઉટાહ રાજ્યમાં હવામાન લોકો માટે મોટી મુસીબત લઈને આવ્યું છે. ભારે પવન સાથે હવા અટકવાનું નામ લઈ રહી નથી. જેના કારણે સાઉથ જોર્ડન શહેરમાં રસ્તાઓ પર અચાનક મોટી સંખ્યામાં સૂકા વૃક્ષો આવી ગયા. જેના કારણે રસ્તાઓ જામ થઈ ગયા. કેટલીક જગ્યાએ તો 10 ફૂટ ઉંચા વૃક્ષોના ઉંચા થર જામી ગયા. અણીદાર વૃક્ષો સાથે ટક્કર થતાં અનેક લોકોને ઈજા પણ થઈ છે.

# ભારતને મળેલું MQ-9B સ્કાય ગાર્ડિયન ડ્રોન « હેલફાયર મિસાઈલો, ઈન્ટેલિજન્સ સેન્સર...

■ વોશિંગ્ટન

યુએસ કોંગ્રેસ માટે ડીલની સમીક્ષા કરવા માટેનો 30 દિવસનો સમયગાળો શુક્રવારે પૂરો થયો. આ પછી હવે ભારતને દારૂગોળો સાથે 31 MQ-9B SkyGuardian સશસ્ત્ર ડ્રોન વેચવા માટે આગળનું પગલું ભરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. આ સશસ્ત્ર ડ્રોન ગુપ્ત માહિતી એકત્ર કરવા, સર્વેલન્સ, જાસૂસી અને જમીન, હવાઈ અને દરિયાઈ યુદ્ધ માટે છે. ભારત પાસે આમાંથી બે ડ્રોન છે - MQ-9A - ઉત્પાદક જનરલ એટોમિક્સ પાસેથી કંપની-લીઝ અને ઓપરેશનના ધોરણે. ભારતે જે દારૂગોળો માંગ્યો છે તેની સાથે ડ્રોનના સંપૂર્ણ પેકેજની અંદાજિત કિંમત $3.99 બિલિયન હશે. ડ્રોન 161 એમ્બેડેડ ગ્લોબલ પોઝિશનિંગ અને ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ્સ સાથે આવશે; 35 L3 રિયો ગ્રાન્ડે કોમ્યુનિકેશન્સ ઈન્ટેલિજન્સ સેન્સર સ્યુટ; 170 AGM-114R હેલફાયર મિસાઈલો; 16 M36E9 હેલફાયર કેપ્ટિવ એર ટ્રેનિંગ મિસાઈલ્સ; 310 GBU-39B/B લેસર નાના વ્યાસના બોમ્બ અને આઠ GBU-39B/B LSDB માર્ગદર્શિત પરીક્ષણ વાહનો જીવંત ફ્યુઝ સાથે.

### ચોક્કસ મૂલ્યની તમામ સૈન્ય નિકાસ માટે કેસ હોવો જોઈએ



આ ડ્રોનના પ્રસ્તાવિત વેચાણની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી જૂન 2023માં વોશિંગ્ટન ડીસીમાં કરશે. મુલાકાત દરમિયાન, તે યુએસ પ્રમુખ જો બિડેન દ્વારા કરવામાં આવ્યું હતું. વહીવટીતંત્રે 1 ફેબ્રુઆરીના રોજ કૉંગ્રેસને આ સોદાની સૂચના આપી. કારણ કે ચોક્કસ મૂલ્યની તમામ સૈન્ય નિકાસ માટે કેસ હોવો જોઈએ. પ્રસ્તાવિત ડીલ સામે વાંધો ઉઠાવવા માટે સાંસદોને 30 દિવસનો સમય આપવામાં આવશે, એમ માનીને કે તેનો કોઈ વિરોધ નથી. એક યુએસ અધિકારીએ જણાવ્યું હતું કે, નોટિફિકેશન અને મીડિયા જાહેરાત પોસ્ટ થયા પછી 30મા કેલેન્ડર દિવસના અંતે કોંગ્રેસની સમીક્ષાનો સમયગાળો સમાપ્ત થશે.

## અંબરીષ ડેરે સી.આર.પાટીલનો રૂમાલ લઈ બસ પકડી લીધી

# કોંગ્રેસના 'અર્જુન' ભાજપની 'ખિસકોલી' બનવા તૈયાર, કેટલો ફાયદો કરાવશે?

### ડેર, મોઢવાડિયા અને કંડોરિયા હવે ભાજપમાં, કોંગ્રેસના ત્રણેય નેતાને પાટીલે ટોપી-ખેસ પહેરાવ્યા

■ ગાંધીનગર

4 માર્ચે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર અને પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસના તમામ સભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું. ત્યારે 5 માર્ચે કમલમ ખાતે કેસરીયા કર્યા છે. તો બીજી બાજુ આહિર સમાજના અગ્રણી અને ધારાસભાની ચૂંટણી લડી ચૂકેલા મુળુ કંડોરિયા પણ રાજીનામું આપી ભાજપમાં જોડાયા છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ભાજપનો ખેસ-ટોપી પહેરાવી વિધિવત રીતે સ્વાગત કર્યું હતું. અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં પણ હું રહ્યો હતો અને ત્યાં પણ કોઈ કમિટમેન્ટ સાથે નહોતો અહીંયા પણ કમિટમેન્ટ સાથે નથી આવ્યો. ભાજપના કાર્યકરો કામ કરે છે એ સ્વાર્થ વગર કામ કરે છે, એ અમારી પ્રેરણા છે. આટલા વર્ષોથી એ લોકો કામ કરે છે અને એ પ્રેરણાથી હું કામ કરવા માંગું છું. મને જે જવાબદારી સોંપવામાં આવે એ સ્વીકારીશ.

### મોદીએ 4 સેક્ટર પસંદ કર્યા

મોઢવાડિયા અને અંબરીશ ડેરને ભાજપમાં જોડ્યા બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે જણાવ્યું કે, વિકાસના નામે જીતાય નહિ એમ કહેનારા લોકોને પરિણામ સમયે ખ્યાલ આવે છે કે લોકો વિકાસ ઈચ્છે છે. મોદીએ 4 સેક્ટર પસંદ કર્યા. મહિલાઓ આજે મોદી પર વિશ્વાસ કરે છે કેમ કે તેમને હક અપાવ્યા છે. જો યુવાનોની જવાબદારી લીધી હોય તો એ મોદી છે. ખેડૂતોના ખાતામાં 6 હજાર રૂપિયા જમા કરાવ્યા. ગરીબો માટે સહાય યોજનાના દરવાજા ખોલી ગરીબી રેખામાંથી બહાર લાવ્યા.






### પાર્ટી જે જવાબદારી સોંપશે એમાં પ્રામાણિકતા સાથે આગળ વધીશ

ડેરે આગળ કહ્યું કે, ખાસ કરીને મારા પરિવારના પણ સભ્યો નારાજ થયા હતા. કોઈને દોષ નથી આપવા, ખરાબ નથી બોલવું. રાજનિતીમાં કામ કરવા આવ્યા છીએ. મારા માતાની તબિયત ખરાબ છે એટલે સી.આર. પાટીલ ઘરે આવ્યા હતા. રાજુલા મતસભા વિસ્તારમાંથી પણ આગામી સમયમાં લોકો જોડાશે. 2004માં આખા ગુજરાતમાં નગરપાલિકાના સૌથી નાની વયે પ્રમુખ તરીકે મોદી સાહેબે મારું સન્માન કર્યું હતું. અરવિંદ લાડાણીના રાજીનામા બાદ હવે કોંગ્રેસ પાસે હવે 13 જ ધારાસભ્ય બચ્યા છે. આ પહેલા ચિરાગ પટેલ(ખંભાત), સીજે ચાવડા(વિજાપુર) અને અર્જુન મોઢવાડિયા(પોરબંદર)ધારાસભ્ય પદેથી રાજીનામું આપી ચૂક્યા છે. જ્યારે ગત ડિસેમ્બરમાં ભૂપત ભાયાણી પણ આપના ધારાસભ્ય પદેથી રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. આમ હાલ કુલ પાંચ વિધાનસભા બેઠક ખાલી પડી છે.

**ભાજપમાં જોડાયા પછી અંબરીશ ડેરે શું કહ્યું** પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરે ભાજપમાં જોડાયા બાદ જણાવ્યું કે, 2003થી 2010 સુધી સક્રિય રાજકારણમાં યુવા મોરચામાં કામ કર્યું છે. 2003-10 સુધી ભાજપના એટલા કાર્યક્રમો સોંપ્યા હતા. વન બુથ ટેન યુથનો એક કાર્યક્રમ હતો. એ સમયે મેં અમરેલી વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ કરી લોકોને જોડ્યા હતા. જો કે એ સમયે સ્થાનિક નેતા સાથે માથાકુટ થતા પાર્ટી છોડી હતી. 2017માં કોંગ્રેસે મને ટિકિટ આપતાં એ પક્ષમાંથી લડ્યો હતો. 3 વખત પાટિલ સાહેબે મને અલગ અલગ રીતે આમંત્રણ આપ્યુ હતું. કોંગ્રેસના મોવડી મંડળને નજીકના લોકોએ જે રીતે ગેરમાર્ગે દોર્યા અને એ સમયે મારા સહિત અનેક લોકોને ન ગમ્યું.

## NEWS FILE

### ખેતીની જમીન પર ટ્રાન્સમિશન ટાવર હશે તો 200% વળતર



ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારનો વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કરાયો છે. આ નિર્ણય અંગે ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે રાજ્યના ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ખેડૂતોની માગણીને ધ્યાનમાં રાખીને મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ખેડૂતોનાં ખેતરોમાંથી પસાર થતી ટ્રાન્સમિશન લાઇન તેમજ ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતા સમયે જમીન, પાક, ફળાઉ ઝાડને થતાં નુકસાન સામે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા વળતરના દરમાં વધારો કરવામાં આવ્યો છે.

### અબજોના ખર્ચે કેનાલ બનાવી, 50% જમીન માટે પાણી નથી

ગાંધીનગરઃ ગુજરાતમાં ઔદ્યોગિત વિકાસને ખેતી કરતાં વધુ મહત્ત્વ મળી રહ્યું હોવાનુ આ એકમાત્ર ઉદાહરણ છે. રાજ્યમાં ખેતીલાયક વિસ્તાર 9786800 હેક્ટર છે, જે પૈકી સરકાર દ્વારા સિંચાઈ સુવિધા ધરાવતો વિસ્તાર 46,18,026 હેક્ટર છે. બાકીના 51,68,674 હેક્ટર વિસ્તારને સરકારી સિંચાઈ કે કેનાલ નેટવર્કના પાણીનો લાભ મળતો નથી. છતાં આટલી મોટી સંખ્યાના વિસ્તારને હજીપણ ખાનગી કુવા કે ટ્યુબવેલના પાણી વાપરવા પડી રહ્યાં છે. સરકાર દ્વારા દર વર્ષે નવા બેરેજ, ચેકડેમ, ઉદ્વહન પાઈપલાઈન તેમજ તળાવની ક્ષમતા વધારવાના કામો થાય છે.

### 81 સ્થળે ઈલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન બનાવાશે



અમદાવાદઃ અમદાવાદના હવાના પ્રદૂષણમાં ઘટાડો કરવા તેમજ ઈલેક્ટ્રિક વાહનનો વપરાશ વધારવા શહેરમાં વધુ 81 સ્થળે ઈલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવશે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનર્શીપ બેઝ ઉપર ચાર્જિંગ સ્ટેશન બનાવવા મ્યુનિસિપલ કોર્પોરેશન જંત્રી મુજબ પ્રતિ સ્ક્વેર મીટર જગ્યાનુ ભાડુ વસૂલ કરશે. દર વર્ષે જગ્યાના ભાડામાં 10 ટકાનો વધારો કરવામાં આવશે. ઈલેક્ટ્રિક વ્હીકલ પોલીસી અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થોડા સમય અગાઉં બાર જેટલા અલગ અલગ સ્થળે ઈલેક્ટ્રીક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યા છે.

# AMCની 3 વર્ષના વિલંબ પછી પણ અધૂરી કામગીરી

### જલારામ અંડરપાસનું લોકાર્પણ કરી બંધ કરી દેવાયો

■ અમદાવાદ

3 વર્ષ સુધી મંથરગતિએ ચાલેલી કામગીરી બાદ પાલડીમાં જલારામ મંદિર પાસે આવેલા અંડરપાસનું સોમવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકાર્પણ કર્યું હતું. જો કે, લોકાર્પણની ગણતરીની મિનિટોમાં જ અંડરપાસ બંધ કરી દેવામાં આવ્યો છે. હજુ 10થી 15 દિવસ આ અંડરપાસમાંથી લોકો અવરજવર કરી શકશે નહીં. અંડરપાસની અંદર આવેલા રોડમાં ડામરનું લેયર લગાડવાનું બાકી છે. તેમજ પાલડી તરફના છેડે પાંચ રસ્તા જોડતા હોવાથી ત્યાં જંક્શન બનાવવાનું બાકી છે.83 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ અંડરપાસને ધીરુભાઈ સ્વરૂપચંદ શાહ નામ આપવામાં આવ્યું છે. 450 મીટર લાંબા અને 16.6 મીટર પહોળા આ અંડરપાસને લીધે લૉ ગાર્ડનથી પાલડી તરફ અવરજવર કરતાં રોજના સરેરાશ 1 લાખ લોકોને ટ્રાફિકમાંથી રાહત મળશે.



# 'ભારત જોડો ન્યાયયાત્રા' ગુજરાતમાં

## રામમંદિર પ્રાણપ્રતિષ્ઠાને લઈ રાહુલ ગાંધીનો ભાજપ પર પ્રહાર, કેટલી બેઠકો જીતી શકશે?

### 'રાષ્ટ્રપતિ આદિવાસી છે એટલે અંદર જવા ન દીધા'

■ દાહોદ

રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાયયાત્રા ગુજરાતમાં પ્રવેશી ચૂકી છે. ઝાલોદમાં કોંગ્રેસના હજારો કાર્યકર્તા દ્વારા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.ઝાલોદમાં જાહેરસભાને સંબોધતા રાહુલ ગાંધીએ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, જાતિ આધારિત જનગણના અને અદાણીને લઈ સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. ભારત જોડો ન્યાય યાત્રા ગુજરાતમાં પ્રવેશ્યા બાદ રાહુલ ગાંધીએ ઝાલોદમાં જાહેરસભાને સંબોધી હતી. જેમાં રાષ્ટ્રપતિને લઈ કેન્દ્ર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. રાહુલ ગાંધીએ ઉપસ્થિત લોકોને પૂછ્યું હતું કે, તમે રામમંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ જોયો હશે. રાષ્ટ્રપતિ આદિવાસી છે ને? તેનો ચહેરો ટીવી પર કોઈએ જોયો?, કેમ તેને શું ભૂલ કરી? આદિવાસી છે એટલે અંદર જવા ન દીધા. અંદર ફક્ત RSS વાળા હતા. ખેડૂત, મજૂર, દલિત, આદિવાસી નહીં જોયા હોય. અદાણી, અંબાણી, બોલિવૂડ, ક્રિકેટરો જોયા હશે.

### જાતિ આધારિત જનગણનાની માગ કરી

ઝાલોદમાં સભાને સંબોધતા રાહુલ ગાંધીએ વધુ એક વખત દેશમાં જાતિ આધારિત વસતી ગણતરીની માંગ કરી હતી અને કહ્યું હતું કે, જાતિ જનગણના થવી જોઈએ જેનાથી દેશના દરેક નાગરીકને ખ્યાલ આવશે કે કોના હાથમાં કેટલું ધન છે?, કઈ સંસ્થામાં કોણ છે?, બજેટમાં ભાગીદારી આટલી છે, દલિતોને ખ્યાલ આવશે કે તેમની ભાગીદારી કેટલી છે?

### અદાણી લઈ સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો

ગૌતમ અદાણી. એરપોર્ટ, પોર્ટ, માઈનીંગ, પાવર જનરેશન, સોલાર પાવર, વિન્ડ પાવર, હિમાચલના સફરજન જ્યાં જુઓ ત્યાં એક જ વ્યકિત જોવા મળશે. બધુ બોલવા જઈશું તો બે ત્રણ કલાક થશે. બે-ત્રણ ટકા લોકોને દેશનું બધુ ધન પકડાવવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં આવનારી લોકસભા ચૂંટણીને લઈ કોંગ્રેસ અને AAP વચ્ચે ગઠબંધન કરવામાં આવ્યું છે. ભરૂચ અને ભાવનગર બેઠક આમ આદમી પાર્ટીને ફાળવવામાં આવી છે, જ્યારે બાકીની 24 બેઠક કોંગ્રેસને ફાળવવામાં આવી છે. ગુજરાતમાં ભારત જોડો ન્યાયયાત્રાનું આગમન થયું છે ત્યારે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પૂર્વ પ્રમુખ ગોપાલ ઈટાલિયા સહિતના કાર્યકર્તાઓ પણ યાત્રામાં જોડાયા છે.

### PM મોદીના ડ્રીમ પ્રોજેક્ટની તડામાર તૈયારી

# ગુજરાતમાં બુલેટ ટ્રેનના 7 બ્રિજ તૈયાર







## અમદાવાદથી મુંબઈ સુધીના 508 કિલોમીટર અંતરમાં 24 નદીઓ થાય છે પસાર

## ખેડા જિલ્લામાં-મોહર નદી પર બ્રિજનું નિર્માણકાર્ય પૂરું

■ સુરત

વડાપ્રધાન મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ એવા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અમદાવાદથી મુંબઈ સુધીના 508 કિલોમીટર પર 24 જેટલી નદીઓ આવે છે. જેના પર બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે વધુ એક મોહર નદી પર બ્રિજનું નિર્માણ થઇ ચૂક્યું છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં સાત નદી પર બ્રિજનું નિર્માણ કરી દેવામાં આવ્યું છે. અમદાવાદ અને આણંદ વચ્ચે આવેલા ખેડા જિલ્લામાં આવેલી મોહર નદી પર આ બ્રિજ બનાવવામાં આવ્યો છે. બ્રિજની લંબાઈ 160 મીટર છે. આ પુલમાં ચાર ફૂલ સ્પાન બોક્સ ગર્ડર પણ બનાવવામાં આવ્યા છે. જ્યારે આ બ્રિજના પીલરની ઊંચાઈ 9.9 મીટરથી 15.7 મીટર સુધી છે. આ સાથે જ 3.5 મીટરથી 4 મીટર વ્યાસના 5 ગોળ પીલર છે.

### ગુજરાતમાં 25 નદીઓ

અમદાવાદથી મુંબઈ સુધીના 508 કિલોમીટરના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર 24 જેટલી નદીઓ આવે છે. ગુજરાતમાં 20 અને મહારાષ્ટ્રમાં 4 નદીઓ પર બ્રિજ બનાવવા પડશે. ગુજરાતમાં પાર (વલસાડ જિલ્લો), પૂર્ણા (નવસારી જિલ્લો), મીંઢોલા (નવસારી જિલ્લો), અંબિકા (નવસારી જિલ્લો), ઔરંગા (વલસાડ જિલ્લો) અને વેંગાણીયા (નવસારી જિલ્લો) અને મોહર (ખેડા જિલ્લો) એમ કુલ 25 નદીઓ પરના પુલોમાંથી સાત નદીઓ પર પુલનું કામ પૂર્ણ થઈ ગયું છે.

# બિલ્ડરની કરચોરીની નવી મોડસઓપરેન્ડી સામે આવી

## લાડાણી ગ્રુપે ઓરડી ભાડે રાખી 500 કરોડના દસ્તાવેજ છૂપાવ્યા

■ રાજકોટ

રાજકોટના ટોચના બિલ્ડર્સ લોબી પર આવકવેરા વિભાગે મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને 8 દિવસ સુધી આ ઓપરેશન ચાલ્યું હતું. સૌરાષ્ટ્રના મોટા ગજાના ઉદ્યોગકાર ઓરબીટ ગ્રુપના વિનેશ પટેલ અને જાણીતા બિલ્ડર દિલીપ લાડાણી અને તેની સાથે સંકળાયેલા ભાગીદારોને ત્યાં આવકવેરાના દરોડાથી ખળભળાટ મચી જવા પામ્યો છે. જોકે, આ વખતે કરચોરીની નવી મોડેસઓપરેન્ડી સામે આવી છે. જેમાં બિલ્ડરે પોતાના દસ્તાવેજ અને સાહિત્ય એક ભાડાની ઓરડીમાં છૂપાવ્યા હોવાનું સામે આવ્યું છે અને તેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ત્યારે આ તપાસ દરમિયાન 8 દિવસના અંતે 500 કરોડથી વધુના વ્યવહારો મળી આવ્યા છે. જેને લઈ આવકવેરા વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.




## NEWS FILE

### 6 મહાનગરપાલિકાનો રૂ. 872 કરોડનો પાણી વેરો બાકી



રાજકોટઃ રાજ્યની 6 મહાનગપાલિકા, રાજકોટ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, સુરત, જૂનાગઢ પાસેથી 872 કરોડથી વધુનો પાણી વેરો વસૂલવાનો બાકી છે. જ્યારે અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકા પાસેથી કોઇ પાણી વેરો વસૂલવાનો બાકી નથી. સરકારની માહિતી પ્રમાણે 31 માર્ચ, 2023ની સ્થિતિએ સૌથી વધુ રાજકોટ મનપા પાસેથી 542.11 કરોડ વસૂલવાના બાકી છે. સરકારે વિધાનસભામાં જણાવ્યું હતું કે દર મહિને બિલ મોકલવામાં આવે છે. નપા અને મનપાઓએ 31 માર્ચ 2023ની સ્થિતિએ 3 વર્ષ દરમિયાન કુલ 171.53 કરોડ ચૂકવ્યા છે.

### ભાજપમાં ભાજપ માટે 14% અનામત માગતી પત્રિકા વાયરલ

રાજકોટઃ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખને સંબોધીને લખાયેલો એક પત્ર દરેક મોબાઇલ સુધી પહોંચી ગયો છે. કોઇ ભાજપના જ દુભાયેલા કાર્યકર અથવા આગેવાને પોતાની વ્યથા આ પત્રમાં ઠાલવી હોય તેવું સ્પષ્ટ થઇ રહ્યું છે. આ પત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે, મૂળ ભાજપના સંનિષ્ઠ કાર્યકરો માટે ભાજપ પક્ષમાં હોદ્દો કે કોઇપણ ચૂંટણીની ટિકિટ માટે 14 ટકા અનામત રાખવી જોઇએ. હાલ ભાજપનું કોંગ્રેસીકરણ થઇ રહ્યું છે ત્યારે આ પત્ર ભારે ચર્ચામાં છેઆ પત્ર પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલને સંબોધીને લખાયેલો છે.

### વલસાડની યુવતીને અમેરિકાની યુનિવર્સિટીની સ્કોલરશીપ મળી



વલસાડઃ વલસાડના રામવાડી વિસ્તારની રહીશ અને સાયન્યની વિદ્યાર્થીની સલોની પારેખને અમેરિકા સ્થિત યુનિવર્સિટી ઓફ ટેનેસી દ્વારા સ્કોલરશીપ મળી છે. વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીનીએ ફાઈન આર્ટના ક્ષેત્રમાં પ્રવેશ મેળવી એક વર્ષના અભ્યાસ માટે 39 હજાર ડોલરની અધધ કહી શકાય એટલી સ્કોલરશીપ મળી કુલ રહેવાનો ખર્ચ મળી રૂ. 1.17 લાખ ડોલર મળ્યા છે. આ ઉપરાંત તેને ભારત આવી પરત થવા માટે અને ભારતના ઐતિહાસિક સ્થળો ફરવા માટે પણ અલાયદું સ્ટાઈપેન્ડ પણ અપાયું છે. સલોનીએ અમદાવાદની સેન્ટ જોસેફ કોલેજમાં બેચલર ઓફ સાયન્સનો અભ્યાસ કર્યો હતો.

# ઓપરેશન લોટસનું એપી સેન્ટર સૌરાષ્ટ્ર

## « અરવિંદ લાડાણીના રાજીનામા પછી એકમાત્ર MLA વિમલ બચ્યા

### સાત વર્ષમાં 30 બેઠક પરનું વર્ચસ્વ ઝીરો થવાની તૈયારી

■ રાજકોટ

સૌરાષ્ટ્રને રાજકારણની પાઠશાળા માનવામાં આવી રહી છે, દરેક રાજકીય પાર્ટીની નજર હર હંમેશ ચૂંટણી પહેલા કે ચૂંટણી દરમિયાન સૌરાષ્ટ્ર પર જ મંડાયેલી રહેતી હોય છે. તેવામાં ભાજપે આગામી લોકસભા ચૂંટણીમાં 5 લાખની જંગી લીડથી જીતવાનો લક્ષ્યાંક રાખ્યો છે ત્યારે ભાજપ સૌરાષ્ટ્રમાંથી વિપક્ષને તોડવાનું કામ કરી રહી છે. 7 વર્ષ પહેલા સૌરાષ્ટ્રની 48 બેઠકમાંથી 30 બેઠક પર કોંગ્રેસ વર્ચસ્વ ધરાવતી હતી. ત્યારે હાલ એવી પરિસ્થિતિ નિર્માણ પામી છે કે, કોંગ્રેસની ઝીરો બેઠક થવાની તૈયારી ગણાવા માંડી છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર અને અર્જુન મોઢવાડિયાને ભાજપમાં પ્રવેશ કરાવી હવે માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણી પર નજર બનાવી રાખી હતી. અરવિંદ લાડાણીએ પણ રાજીનામું આપી દેતા હવે સૌરાષ્ટ્રમાં એકમાત્ર બેઠક કોંગ્રેસ પાસે બચી છે. જ્યારે જામનગર જિલ્લામાં ભાજપે ચાર તો આમ આદમી પાર્ટીએ એક બેઠક પર જીત મેળવી હતી.

### 2017માં સૌરાષ્ટ્રમાં કોંગ્રેસ પાસે 30 બેઠક હતી

2022માં સૌરાષ્ટ્રમાં કોંગ્રેસે 3, AAPએ 4 અને સમાજવાદી પાર્ટીએ 1 બેઠક પર જીત મેળવી હતી. જેમાંથી કોંગ્રેસમાંથી એક ધારાસભ્ય, AAPમાંથી એક ધારાસભ્યએ રાજીનામું આપી ભાજપમાં જોડાયા છે. હવે અરવિંદ લાડાણી રાજીનામું આપે એટલે કોંગ્રેસ પાસે માત્ર એક જ બેઠક બચશે. જ્યારે 2012માં ભાજપે સૌરાષ્ટ્રની 48 બેઠકોમાંથી 35 બેઠકો જીતી હતી.

### સૌરાષ્ટ્રમાં કોંગ્રેસની નાડ જ તોડી નખાઈ

લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપ દ્વારા સૌરાષ્ટ્રમાં પકડ મજબૂત બનાવી દેવામાં આવી છે અને સૌરાષ્ટ્રમાંથી કોંગ્રેસને જડમૂળમાંથી તોડી દેવામાં આવી છે. આજે અરવિંદ લાડાણીનું પણ રાજીનામું પડી જતા સૌરાષ્ટ્રમાં એકમાત્ર કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા બચ્યા છે તેવું કહી શકાય. જોકે, સૂત્રનું માનીએ તો ભાજપ દ્વારા તેમને પણ કેસરિયો ધારણ કરાવવા માટે ઘણા સમયથી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પરંતુ હજુ સુધી તેમાં સફળતા પ્રાપ્ત થઈ શકી નથી. એટલે તેઓ જનતાના અને કોંગ્રેસના વફાદાર નેતા માનવામાં આવી રહ્યા છે. પાછલી વિધાનસભા ચૂંટણીમાં સૌરાષ્ટ્રના પરિણામ પર નજર કરવામાં આવે તો સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, દ્વારકા, અમરેલીની તમામ બેઠકો પર ભાજપે જીત હાંસલ કરી હતી.

# શુભા આખરે છે ક્યાં, તેનો જવાબ મેળવવા પરિવાર કરી રહ્યો છે રઝળપાટ



## ઋણાનુબંધ

ભાવના પટેલ

નવલકથા - પ્રકરણ - 23

મારા વગર શુભા રહેતી હતી? અખિલ એને મારતો તો નહોતો ને? પણ તારો સભાવ જોતા તું નહીં મરે મારી જેમ, ને માનીશે ય નહીં મેં કીધું ઈ. એટલે બીજું એક કામે ય કરતો જાવ છું.

ઈન્સ્પેક્ટરને ખબર પડે કે આપણે તુલસીના મા-બાપને ગળે ફાંસો ખાવા મજબૂર કયરા તા તો તને જેલમાં નાખશે. હું તો હઈશ નહીં એટલે હંધુયે તારી ઉપર આવશે. મારે એવું યે થાવા દેવું નથી.

એટલે એક વિશ્વાસુ માણસને ચિઠ્ઠીમાં લખીને જાવ છું. જો તું મારું નહીં માને, ને તુલસીને હેરાન કરીશ તોઈ ચિઠ્ઠી ઈન્સ્પેક્ટરને પોંચી જાહે. એવી વેવસ્થા કરી દીધી છે.

ઈમ ના હમજતી કે તને ડારો દઉંછું. તને બીજા પાપમાંથી બચાવવાની વા તક રુંછું. મારા અખિલને શુભાના હમ ખાઈને કહું છું કે તારી પ્રત્યે મને કોઈ અભાવ નથી.

જે થઈ ગ્યું ઈ તો  બદલી હકાશે નહીં પણ બીજું એક વધારે પાતક તો ના કરીએ ને.

આ કેસેટને હાંભરીને તોડી નાખજે.  કોઈના હાથમાં નો આવે. ભગવાન મારી જેમ તનેય સદબુદ્ધિ આપે.

રુખીબહેન તો આ સાંભળીને સડક જ થઈ ગયા. અખિલના બાપુને હું પાંત્રીસ વરસથી જાણું છું, પેલા પોતાનો જીવ લીધો, ને પછી મને જેલમાં નાખવા તૈયાર થ્યાં? નક્કી ઈવંતરી એ મંતરેલું પાણી પીવડાવી દીધું  હઈશે, નકર આમનો હોય.

પણ, હવે ઈવંતરીનું નામ દેવાય નહીં કે ઈના આડાય ઉતરાય નહીં. મારો અખિ લજેલમાં જઈને કેવો થઈ ગ્યો'તો! કેવો રોતો તો! આટલી ઉંમરે હવે જેલના રોટલા ખાવા હલબી ના નથી ભાઈ.

ધણીનું  છત્તરે ય નથી માથે તં યે હવે લલુળી હકાય નહીં. હવે ઈક ભા રજાનુ ના મે ય નહીં લઉં, વતાવવાની વાત તો દૂર રહી. આ કેસેટને ઠેકાણે પાડવી પડશે. આમ વિચારીને ટેપમાંથી કેસેટ કાઢીને પાછળ ફળિયામાં જઈને ધોકાના એક જ ઘાએ કેસેટના બે કટકા કરી દીધા.

તુલસી પરની બધી જ દાઝ ઉતારતા હોય એમ કેસેટને ધોકા મારી-મારીને ટુકડે-ટુકડા કરી દીધી, ને રસોડામાંથી દીવાસળીનું પેકેટ લાવીને એને સળગાવી દીધી.

એ આગ જોઈને રુખીબહેનને અખિલના અગ્નિસંસ્કાર, લક્ષ્મીપ્રસાદના અગ્નિસંસ્કારની આગની જ્વાળાઓ નજર સામે દેખાવા લાગી. શુભાનો મૃતદેહ દેખાવા લાગ્યો, અને આ દરેક બનાવ વખતે થોડા સ્વસ્થ રહેનાર રુખીબહેન મોટી પોક મૂકીને રડી પડ્યાં.

ઘરે પાછી આવીને તુલસી ઉપર પોતાના રૂમમાં જ ભરાઈ ગઈ. એકની એક વાતો જ વિચાર્યા કરી. મરનાર માણસ અખિલ જ હતો? જો એ અખિલ હતો તો એ જૂઠુ કેમ બોલ્યો? મરતીવખતેય એને જૂઠુ બોલવું પડે એવી તો કેવી મજબૂરી હતી એની? મરનાર છોકરી શુભા નથી, તો પછી મારી શુભા ક્યાં ગઈ? શું એ જીવિત હતી? ક્યાં હશે અત્યારે? ક્યાંથી શરૂઆત કરું એને શોધવાની?પ્રશ્નો જ પ્રશ્નો હતા.

આ બધા પ્રશ્નોમાંથી એક પણ પ્રશ્નનનો જવાબ એને ના મળ્યો. એકાએક એને ઈન્સ્પેક્ટરની વાત યાદ આવી કે, અખિલ અહીંથી ભાગીને સુરત ગયેલો ને જેના ઘરે રહેલો એમની ધરપકડ પણ પોલીસે કરી છે. કંઈપણ નોંધપાત્ર જાણવા મળ્યું નથી.

જો એમની વધારે પૂછપરછ કરીએ તો કદાચ કંઈક વધારે



જાણવા મળે, કોઈક કડી મળી આવે.

આ વિચાર સાથે જ તે એકદમ ઊભી થઈ, નીચે ગઈ ને ફોનની ડાયરી હાથમાં લીધી ને ડાયરીમાંથી નંબર જોઈને ઈન્સ્પેક્ટરને ફોન લગાડ્યો.

'હેલો કોણ?' ઈન્સ્પેક્ટરનુંઊંઘરેટા અવાજવાળું હેલો સાંભળ્યું અને એ સાથે જ એની નજર ઘડિયાળમાં ગઈ. રાતના એક વાગ્યો હતો.

એ એકદમ જ છોભીલી પડી ગઈ ને કહ્યું, 'તુલસી બોલું છું સોરી, વેરી સોરી, વિચારોમાં જ ફોન થઈ ગયો. શુભાના વિચારો કરતી હતી ને એમાં એક વાત યાદ આવી એટલે કહેવા માટે કરેલો. સારું સુઈ જાવ. કાલે ફોન કરીશ.' તુલસીએ દિલગીર થતાં કહ્યું.

'આમ પણ ઊંઘ ઊડી જ ગઈ છે તો કહી દો હવે, નહીં તો શું વાત હશે એ વિચારવામાં ઊંઘ નહીં આવે.'

'અખિલ સુરતમાં જેની ઘરે રહેલો, તમે કહ્યું હતું કે એ લોકોની પણ ધરપકડ કરી છે. એમની પૂછપરછ કરીએ તો કદાચ અખિલ કે શુભા વિશે થોડું વધારે જાણવા મળે.'

'પોલીસે ઓલરેડી એ બંનેની પૂછપરછ કરી જ છે. અખીલ ત્યાંથી ક્યાં ગયો એની એ બંનેમાંથી કોઈને ખબર નથી. અખિલે પણ એના બયાનમા કહ્યું જ છે કે, ચીમન ચપ્પુ શુભાનેવેચી દેવાનો હોવાથી શુભા માટે થઈને એ ત્યાંથી ભાગ્યો.' 'છતાંયે મારે એ બંનેને એકવાર મળવું છે. એમને મળી શકું એવી વ્યવસ્થા તમારાથી થઈ શકે ખરી?'

'એ બંનેને મળીને શું કરશો? તમને પણ એ જ જવાબ મળશે જે એણે પોલીસને આપેલા છે.'

'પ્લીઝ, છતાંયે મારે એકવાર એમને મળવું છે.મારે જાણવું છે કે મારા વગર મારી દીકરી શું કરતી હતી? અખિલ એને મારતો તો નહોતો ને? આ બધું તો મને ખબર પડશે ને એને મળવાથી.' 'મારે આ કેસનાબારામાં સુરત આમ પણ જવાનું છે જ, મારી સાથે આવી જજો.'

સુરત જવાની વાતથી એકદમ જ તુલસીના મગજમાં આવ્યું કે, સુરત જવા માટે તો રુખીબહેનની મંજૂરી માંગવા જવું પડશે. છેલ્લે એમણે જે ગંદી ગાળો બોલેલી ને વાક્યો કહેલા એ પછી તુલસીને એમને કંઈ કહેતાંયે બીક લાગતી હતી. એના મનમાં એકદમ જ આવ્યું કે, ઈન્સ્પેકટરને જ આ કામ કેમ ન સોંપવુ. 'તમને વાંધો ના હોય તો, તમે મારું એક કામ કરી શકો?'

'ચોકકસ વળી, કેમ નહિ?' 'ઘરે આવીને શુભાની આ બધી જ વાતો તમે બાને કહી શકો? એમને એવું સમજાવી શકો કે, મારું એ લોકોને મળવું જરૂરી છે ને શુભાને ગોતવામાં કઈક મદદ મળે.'

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

# સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ આવશે. પરિવારના કોઈ સદસ્ય તરફથી લગ્ન સંબંધિત યોગ્ય સંબંધ આવવાથી આનંદનું વાતાવરણ રહેશે. પ્રોપર્ટી વગેરેમાં રોકાણ કરવાની યોજના પણ બનશે. x આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં થોડો સમય પસાર કરવાથી માનસિક શાંતિ પણ મળશે. નાણાકીય બાબતોમાં, બજેટનું વિશેષ ધ્યાન રાખો.

### વૃષભ



(બ.વ.ઉ)

રાજકીય અને સામાજિક કાર્યોમાં તમારું વિશેષ યોગદાન રહેશે. અને તમે વિશેષ સ્થાન પ્રાપ્ત કરશો. નાણાકીય પરિસ્થિતિમાં અણધાર્યા લાભને કારણે ખુશી થશે. ઘરની જાળવણી અને બદલાવ સંબંધિત કેટલીક યોજનાઓ પણ બનાવી શકાય છે. કોઈ વિષય વિશે ઊંડાણપૂર્વક શીખવાની ઈચ્છા તમને તમારા ચોક્કસ લક્ષ્યથી દૂર કરી શકે છે.

### મિથુન



(ક.છ.ઘ)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કેટલીક સમસ્યાના નિરાકરણને કારણે તમે તણાવમુક્ત અનુભવ કરશો. તમને કોઈ સામાજિક કાર્યમાં ભાગ લેવાની તક પણ મળશે. તમે તમારા ઘરની સુખ-સુવિધાઓ અને જાળવણી પર પૈસા ખર્ચવામાં આનંદ અનુભવશો.વરિષ્ઠ લોકોના સન્માનની અવગણના ન કરો. અત્યારે કોઈપણ મુસાફરી ટાળવાનો પ્રયાસ કરો.

### કર્ક



(ડ.હ)

સામાજિક અથવા સમાજ સંબંધિત મીટિંગ્સમાં તમારું વિશેષ યોગદાન રહેશે અને તમારી સ્થિતિની પ્રશંસા થશે. કેટલીક નવી વસ્તુઓ શીખવામાં પણ સમય પસાર થશે. તમને તમારા બાળકો તરફથી પણ કોઈ સારા સમાચાર મળી શકે છે. તમારા કેટલાક નજીકના મિત્રો અથવા સંબંધીઓ જ તમને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે.

### સિંહ



(મ.ટ)

સકારાત્મક કાર્યોમાં વ્યસ્ત રહેવાથી શરીર અને મન બંને પ્રફુલ્લિત રહેશે. પરિવારના કોઈ સભ્યની સમસ્યાના ઉકેલમાં તમે સહયોગ કરશો. તમે તમારા આત્મવિશ્વાસથી કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિને અનુકૂળ બનાવશો.બીજાના કારણે તમારા અંગત કાર્યોને સ્થગિત ન કરો. દરેકને ખુશ રાખવાના પ્રયાસમાં, તમે તમારી જાતને નુકસાન પણ કરી શકો છો.

### કન્યા



(પ.ઠ.ણ)

પરિવારમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ગેરસમજણો આજે તમારી મધ્યસ્થીથી દૂર થશે. વરિષ્ઠ લોકોની સલાહનું પાલન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે. યુવાનો તેમની મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ મેળવ્યા બાદ હળવાશ અને રાહત અનુભવશે.નાની વાત પણ મોટા વિવાદનું કારણ બની શકે છે. જો કોઈ સમસ્યા ઊભી થાય.

### તુલા



(ર.ત)

પરિવારના કોઈ સભ્ય અથવા નજીકના મિત્ર સાથે તમારી સમસ્યાઓ શેર કરો. તમને યોગ્ય ઉકેલ મળશે અને તેના કારણે તમને તણાવમાંથી ઘણી રાહત મળશે. લગ્ન સંબંધિત પરિવારના સભ્યના આગમનથી ઘરમાં ખુશીઓ રહેશે. કોઈપણ પ્રકારની યાત્રા સ્થગિત કરો. તમને મીડિયા અથવા ઓનલાઈન પ્રવૃત્તિઓ દ્વારા બિઝનેસ સંબંધિત નવી માહિતી મળશે.

### વૃશ્ચિક



(ન.ય)

સમય વ્યસ્ત રહેશે. રાજકીય સંપર્કો તમારા માટે કેટલીક શુભ તકો પણ પ્રદાન કરશે. નવું વાહન ખરીદવા સંબંધિત યોજના બનાવવામાં આવશે. ઉછીના લીધેલા પૈસા પાછા મળવાથી નાણાકીય સમસ્યાઓ હલ થશે. ભવિષ્યની યોજનાઓને ગંભીરતાથી લો. મિત્રો સાથે સામાજિકતા અને વધુ પડતી મુસાફરી કરવી એ સમયના બગાડ સિવાય બીજું કંઈ નથી.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

તમે કોઈ સમસ્યાનો ઉકેલ મળવાથી રાહત અનુભવશો. તમારા આત્મવિશ્વાસ અને મનોબળ સામે તમારા વિરોધીઓ ટકી શકશે નહીં. તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખો. નહિંતર, તમારું કોઈ સમાપ્ત થયેલ કામ બગડી શકે છે. અને યોજનાઓ અને આયોજન પણ અધવચ્ચે રહેશે., જેના કારણે વ્યાપારથી સંબંધિત સારી માહિતી પણ પ્રાપ્ત થશે.

### મકર



(ખ.જ)

પરિવારના સભ્યો સાથે ઓનલાઈન શોપિંગમાં આનંદથી ભરપૂર દિવસ પસાર થશે. આધ્યાત્મિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ રસ વધશે અને તમે વધુ શાંતિ અને હળવાશ અનુભવશો. અધિકૃત ભાષાનો તમારો ઉપયોગ અન્યને પ્રભાવિત કરશે. તમારી ખાસ અને મહત્ત્વપૂર્ણ વસ્તુઓને સુરક્ષિત રાખો. બાળકો પર વધુ પડતી શિસ્ત ન લાદવી.

### કુંભ



(ગ.સ.શ.ષ)

તમારા દરેક કામને આયોજનપૂર્વક કરવા અને એકાગ્રતાથી કામ કરવાથી તમને સફળતા મળશે. બાળકના વિદેશ જવા અંગેની કાર્યવાહી શરૂ થશે. નકારાત્મક વલણ ધરાવતા લોકોને તમારા અંગત જીવનમાં અને પરિવારમાં દખલ ન થવા દો. કારખાના, ઉદ્યોગ વગેરેને લગતા વ્યવસાયમાં કોઈ નવું કાર્ય શરૂ થવાની સંભાવના છે.

### મીન



(દ.ચ.ઝ.થ)

વ્યસ્ત હોવા છતાં પણ તમને તમારા અંગત કામ માટે સમય મળશે. કોઈપણ કાર્યને સરળ રીતે કરવાનો પ્રયાસ કરો, તમને ફાયદાકારક પરિણામ મળશે. ઘરમાં નવા મહેમાનની માહિતી મળવાથી આનંદનું વાતાવરણ રહેશે. બિનજરૂરી ખર્ચ તમને પરેશાન કરશે. તેથી સંતુલન જાળવો. નાની વાત પણ ભારે વિવાદનું કારણ બની જશે. તેથી નકામી વસ્તુઓ પર ધ્યાન ન આપો.



# ઐશ્વર્યા અને શ્વેતા નંદા વચ્ચે સુલેહ થઈ ગઈ હોવાના સંકેત

## લાંબા સમય પછી ઐશ્વર્યા, જયા, શ્વેતા અને નવ્યા એક ફ્રેમમાં દેખાઈ

■ મુંબઈ

અમિતાભ બચ્ચનના પરિવારમાં ઐશ્વર્યા રાય બચ્ચન તથા અન્ય પરિવારજનો વચ્ચે તણાયેલી તલવારો હવે મ્યાન થઈ ગઈ હોવાના સંકેત મળ્યા છે. ઐશ્વર્યા બહુ લાંબા સમય બાદ જયા બચ્ચન, શ્વેતા નંદા તથા નવ્યા નવેલીની સાથે એક તસવીરમાં જોવા મળી હતી. તે શ્વેતા તથા અગત્સ્યને બહુ ઉમળકાભેર મળતી અને વાતચીત કરતી જણાઈ હતી.અનંત અંબાણીનાં પ્રિ વેડિંગ ફંકશનમાંથી બચ્ચન પરિવાર મુંબઈ સાથે સાથે જ પરત ફર્યો હતો. મુંબઈ એરપોર્ટ પર શ્વેતા અને ઐશ્વર્યા વચ્ચે માધુર્ય જોવા મળ્યું હતું. તેમણે કોઈ વાત કરી હતી. ઐશ્વર્યા છેલ્લે શ્વેતાના પુત્ર અગત્સ્યને ભેટીને રવાના થઈ હતી.

આ અગાઉ એવી ચર્ચાઓ ફેલાઈ હતી કે ઐશ્વર્યાએ બચ્ચન પરિવારનું ઘર છોડી માતા સાથે રહેવાનું શરુ કર્યું છે. તેના અને શ્વેતા વચ્ચે અબોલા ચાલતા હોવાનું કહેવાતું હતું. પેરિસ ફેશન વીકમાં ઐશ્વર્યા તથા શ્વેતાએ એકબીજાને રુબરુમાં તથા સોશિયલ મીડિયા પર પણ ઈગ્નોર કર્યા હતાં. અમિતાભના જન્મદિવસે તથા ઐશ્વર્યાના જન્મદિવસે પણ તેમના વચ્ચે કલહ ચાલી રહ્યો હોવાનું સોશિયલ મીડિયા પોસ્ટમાં એકબીજાની ગેરહાજરી પરથી સ્પષ્ટ થયું હતું.

# 'ઝલક દિખલા જા'ની વિજેતા બની મનીષા રાની, ઈનામનો વરસાદ

## 'હું બોલિવૂડમાં સલમાન ખાન, કાર્તિક આર્યન સાથે કામ કરવા માગુ છું: બિહારની દીકરી

■ મુંબઈ




બિહારની દીકરી મનીષા રાનીને શનિવારે રાત્રે 'ઝલક દિખલા જા'ની 11મી સિઝનની વિજેતા જાહેર કરવામાં આવી છે. મનીષાએ સાડા ત્રણ મહિના સુધી બેસ્ટ પર્ફોર્મન્સ આપીને દર્શકો અને નિર્ણાયકોનું દિલ જીતી લીધું છે. શોએબ ઈબ્રાહિમ અને અદ્રિજા સિન્હા રનર્સ અપ રહ્યા હતા. મનીષા રાનીએ બોલિવૂડમાં ડેબ્યુ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શો જીતીને મનીષા રાનીએ ટ્રોફી અને 30 લાખની ઈનામી રકમ જીતી છે. આ સિવાય તેમણે યાસ આઈલેન્ડ અને અબુ ધાબીનું હોલીડે વાઉચર પણ મળ્યું છે. મનીષા રાનીએ 'ઝલક દિખલા જા' શોમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી લીધી હતી. શોના ઈતિહાસમાં આ પહેલીવાર છે જ્યારે કોઈ વાઈલ્ડ કાર્ડ સ્પર્ધકે મેદાન માર્યું હોય.

### મનીષાએ જીત બાદ ખુશી વ્યક્ત કરી

'ઝલક દિખલા જા' જીત્યા બાદ મનીષાએ પણ વાત કરી. તેમણે કહ્યું- 'હું ખૂબ જ ખુશ છું. મને હજુ પણ વિશ્વાસ નથી આવતો કે ટ્રોફી મારા હાથમાં છે. આ એક સ્વપ્ન સાકાર થવા જેવું છે.' તેમને વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી વિશે પણ પૂછવામાં આવ્યું હતું. જેના પર મનીષાએ કહ્યું- 'પહેલાં મને લાગતું હતું કે, હું વાઈલ્ડકાર્ડ બનીને આવી છું એટલે કદાચ જીતી નહીં શકું. આ એટલા માટે છે કારણ કે 90 ટકા કિસ્સામાં તેઓ જીતતા નથી કારણ કે તેમને પોતાને સાબિત કરવાનો સમય નથી મળતો.

# કેટરિના કૈફ પણ પ્રેગનન્ટ હોવાની વધુ એકવાર અટકળો

## જામનગરમાં પેટ સતત ઢાંકેલું રાખેલી જોવા મળી

■ મુંબઈ



કેટરિના કૈફ પ્રેગનન્ટ હોવાની અટકળો વ્યક્ત થઈ રહી છે. લગ્નનાં સવા બે વર્ષમાં જ કેટરિગના પ્રેગનન્ટ હોવાની અટકળો એકથી વધુ વખત આવી ચુકી છે. કેટરિના અને વિકી કૌશલ અંબાણી પરિવારના પ્રસંગમાં હાજરી આપવા માટે જામનગર આવ્યાં હતાં. ત્યાંથી રવાના થતી વખતે એરપોર્ટ પર તસવીરમાં કેટરિના પોતાનું પેટ છૂપાવવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી. તે પરથી આ અટકળો વ્યાપક બની છે. કેટરિનાએ અનાકરલી ડ્રેસ પહેર્યો હતો. ફોટોગ્રાફર્સની હાજરીથી સભાન થઈ તેણે તરત જ દુપટ્ટો પેટ આડે ઢાંકી દીધો હતો. તેણે મોટાભાગે લૂઝ પરિધાન ધારણ કર્યાં હતાં અને હાઈ હિલને બદલે ફ્લેટ પગરખાં જ પહેરવાનું પસંદ કર્યું હતું.

# દર્શિલ સફારી 16 વર્ષ પછી આમિર સાથે કામ કરશે

## આગામી પ્રોજેક્ટનો ફર્સ્ટ લૂક સો.મીડિયામાં શેર કર્યો

■ નવી દિલ્લી



દર્શિલ સફારીએ 2007માં આમિર ખાનની ફિલ્મ 'તારે જમીન પર' દ્વારા બાળ-કલાકાર તરીકે બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મ વિવેચનાત્મક અને વ્યવસાયિક રીતે સફળ રહી અને દર્શિલ રાતોરાત સુપરસ્ટાર બની ગયો. હવે 16 વર્ષ બાદ દર્શિલ ફરી એકવાર આમિર ખાન સાથે કામ કરવા જઈ રહ્યો છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ માહિતી આપી હતી. દર્શીલે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી હતી જેમાં તેણે આમિર સાથેનો કોલાજ શેર કર્યો હતો. આ ફોટામાં બે ચિત્રો છે. પહેલો સીન 16 વર્ષ પહેલા રીલિઝ થયેલી ફિલ્મ 'તારે જમીન પર'નો છે, જ્યારે બીજામાં બંને કલાકારો ફરી સાથે જોવા મળે છે.

જો કે દર્શીલે હજી સુધી આ પ્રોજેક્ટનું નામ અને વિગતો શેર કરી નથી, જો રિપોર્ટ્સનું માનીએ તો તે આમિર ખાનની આગામી ફિલ્મ 'સિતારે જમીન પર'માં જોવા મળશે. આ ફિલ્મનો વિષય પણ 'તારે જમીન પર'ના વિષય જેવો જ છે. આ ફિલ્મના નિર્માતા ઉપરાંત આમિર તેમાં અભિનય કરતો પણ જોવા મળશે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આ ફિલ્મ સિવાય આમિર સની દેઓલ સ્ટારર 'લાહોર 1947' પણ પ્રોડ્યુસ કરી રહ્યો છે. દર્શિલની અગાઉની ફિલ્મ 2003માં રિલીઝ થયેલી 'હુકુસ-બુકસ' હતી. તે ગયા વર્ષે એક ગુજરાતી ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ'માં પણ જોવા મળ્યો હતો.

# ઈટ્સ ઓફિશિયલ! દીપિકા આગામી સપ્ટેમ્બરમાં માતા બનશે

## દીપિકા, રણવીરે પેરેન્ટ બની રહ્યાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી

■ મુંબઈ

દીપિકા પાદુકોણ પ્રેગનન્ટ હોવાની કેટલાક સમયથી ચાલતી અટકળો આખરે સાચી ઠરી છે. ખુદ દીપિકા અને રણવીરે આજે સોશિયલ મીડિયા પર સત્તાવાર રીતે જાહેર કર્યું હતું કે દીપિકા પ્રેગનન્ટ છે અને તે આગામી સપ્ટેમ્બર માસમાં માતા બનવાની છે. આ સાથે જ બોલીવૂડના કલાકારો સહિત લાખો ચાહકોએ આ યુગલને અભિનંદન પાઠવ્યાં હતાં. દીપિકા અને રણવીરે ૨૦૧૮માં લગ્ન કર્યાં હતાં. તે પછી એકથી વધુ વાર એવી અફવા ફેલાઈ હતી કે દીપિકા માતા બનવાની છે.

જોકે, હજુ ગત જાન્યુઆરી માસમાં જ ખુદ દીપિકાએ ઈશારો આપ્યો હતો કે તે અને રણવીર હવે પરિવાર આગળ વધારવા માગે છે. એ પછી આ મહિનામાં જ્યારે અનુષ્કાએ બીજાં સંતાનને જન્મ આપ્યો તે જ દિવસે જાણકાર વર્તુળોના હવાલાથી એવા સમાચાર પણ પ્રસર્યા હતા કે દીપિકા પણ પ્રેગનન્ટ છે અને તેની પ્રેગનન્સીને ઓલરેડી ત્રણ માસ થઈ ચૂક્યા છે. આ પહેલાં તાજેતરમાં લંડનમાં યોજાયેલા બાફ્ટા એવોર્ડમાં દીપિકાએ સાડી પહેરી હતી ત્યારે તે તેના પેટને છૂપાવી રહી હોવાનું કેટલાય ચાહકોએ નોંધ્યું હતું. જોકે, તે સમયે દીપિકા કે રણવીરે આ અટકળો વિશે મૌન સેવી રાખ્યું હતું. આજે દીપિકા અને રણવીરે તેમનાં સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ક્રિએટિવ ઈમેજ મુકી હતી જેમાં માત્ર સપ્ટેમ્બર ૨૦૨૪ એવું લખાણ છે અને તેની ચોતરફ નાના બાળકનાં વસ્ત્રો તથા અન્ય ચીજોનું ફ્રેમિંગ કરવામાં આવ્યું છે.






**ભારત તરફથી સૌથી ઝડપી 1000 ટેસ્ટ રન બનાવનાર બેટર (ઈનિંગ્સ મુજબ)**

14- વિનોદ કાંબલી
16- યશસ્વી જયસ્વાલ
18- ચેતેશ્વર પુજારા
19- મયંક અગ્રવાલ
21- સુનીલ ગાવસ્કર

**ટેસ્ટમાં સૌથી ઓછી ઉંમરે 1000 રન બનાવનાર ભારતીય બેટર**

19 વર્ષ, 217 દિવસ- સચિન તેંડુલકર
21 વર્ષ, 27 દિવસ- કપિલ દેવ
21 વર્ષ, 197 દિવસ- રવિ શાસ્ત્રી
22 વર્ષ 70 દિવસ- યશસ્વી જયસ્વાલ
22 વર્ષ, 293 દિવસ- દિલીપ વેંગસરકર

# ઈંગ્લેન્ડ સામે ટેસ્ટમાં યશસ્વી જયસ્વાલના બેટે ધૂમ મચાવી દીધી

## વિરાટ કોહલીનો 8 વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો

■ ધર્મશાલા

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની અંતિમ મેચ ધર્મશાલામાં રમાઈ.. આ મેચના પ્રથમ દિવસે ભારતીય ઓપનર યશસ્વી જયસ્વાલે કમાલ કરી હતી. જયસ્વાલે ભારતની પ્રથમ ઈનિંગ દરમિયાન 58 બોલમાં 57 રન બનાવ્યા હતા. તેણે આ ઈનિંગમાં 5 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા હતા. આ દરમિયાન યશસ્વીએ કેટલાંક મોટા રેકોર્ડ બનાવ્યા હતા. યશસ્વી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બેટર બની ગયો છે. યશસ્વીએ વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. વિરાટે વર્ષ 2016ની સિરીઝમાં 655 રન બનાવ્યા હતા.

### જયસ્વાલે ટેસ્ટ ક્રિકેટમાં 1000 રન પૂરા કર્યા

યશસ્વી જયસ્વાલે ટેસ્ટ ક્રિકેટમાં પોતાના 1000 રન પણ પૂરા કર્યા છે. યશસ્વી સૌથી ઝડપી 1000 ટેસ્ટ રન પૂરા કરનાર ભારતીય ઓપનર બની ગયો છે. યશસ્વીએ તેની 16મી ટેસ્ટ ઈનિંગ્સમાં તેના 1000 રન પૂરા કર્યા છે. યશસ્વી એકંદરે સૌથી ઝડપી 1000 ટેસ્ટ રન બનાવનાર બીજો ભારતીય છે. વિનોદ કાંબલીએ 14 ઈનિંગ્સમાં હજાર ટેસ્ટ રન પૂરા કર્યા હતા.

### ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરીઝમાં સૌથી વધુ રન

ગ્રેહામ ગૂચ (1990) - 3 મેચ, 752 રન, 3 સદી
જો રૂટ (2021-22) - 5 મેચ, 737 રન, 4 સદી
યશસ્વી જયસ્વાલ (2024) - 5* મેચ, 712* રન, 2 સદી
વિરાટ કોહલી (2016) - 5 મેચ, 655 રન, 2 સદી
માઈકલ વોન (2002) - 4 મેચ, 615 રન, 3 સદી

## NEWS FILE

### નીલ વેગનરને નિવૃત્તિ લેવાની ફરજ પાડી હતી, પૂર્વ ખેલાડી રોસ ટેલરનો મોટો આરોપ



ક્રાઈસ્ટચર્ચઃ ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ બેટર રોસ ટેલરે કહ્યું છે કે ફાસ્ટ બોલર નીલ વેગનરને ફરજીયાત નિવૃત્તિ લેવાની ફરજ પડી હતી. તેને કહેવામાં આવ્યું હતું કે ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં તેને પ્લેઈંગ-11માં પસંદ કરવામાં આવશે નહીં. વેગનરે તાજેતરમાં પ્રથમ ટેસ્ટની શરૂઆત પહેલા પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નિવૃત્તિની જાહેરાત કરી હતી. ટેલરે ESPNના અરાઉન્ડ ધ વિકેટ પોડકાસ્ટ પર કહ્યું, મને લાગે છે કે વેગનરને નિવૃત્તિ લેવાની ફરજ પડી હતી. જો તમે વેગનરની પ્રેસ કોન્ફરન્સ સાંભળો તો તે કહેવાનો પ્રયાસ કરી રહ્યો હતો કે છેલ્લી ટેસ્ટ રમ્યા બાદ નિવૃત્તિ આવશે. ટેલરે કહ્યું, મને લાગે છે કે ભવિષ્યને ધ્યાનમાં રાખીને ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો છે, પરંતુ ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં જીતની સ્થિતિમાં હું નીલ વેગનરથી આગળ કોઈને ગણીશ નહીં. મને ખાતરી છે કે ઓસ્ટ્રેલિયન બેટર શાંતિથી સૂતા હશે, કારણ કે વેગનર ટીમનો ભાગ નથી. વેગનર મૂળ દક્ષિણ આફ્રિકાનો છે. તે ન્યૂઝીલેન્ડ શિફ્ટ થઈ ગયો. તેણે ન્યૂઝીલેન્ડ માટે 64 મેચ રમી છે. જેમાં 3.13ના ઈકોનોમી રેટથી 260 વિકેટ લીધી છે. તેણે તેની છેલ્લી ટેસ્ટ 13 થી 16 ફેબ્રુઆરી દરમિયાન દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં રમી હતી.

# અશ્વિને 100મી ટેસ્ટ મેચ સાથે રચ્યો ઈતિહાસ, 5 વિકેટ ઝડપી

**■ આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ક્રિકેટર બન્યો, અશ્વિને નવેમ્બર, 2011માં વેસ્ટ ઇન્ડિઝ સામે ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું**

■ ધર્મશાલા

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ધર્મશાલામાં સીરિઝની અંતિમ ટેસ્ટ મેચ રમાઈ. જેમાં ભારતનો વિજય થયો. આ ટેસ્ટ ભારતીય દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિન માટે ખાસ છે. ધર્મશાલામાં રમાઈ રહેલી ટેસ્ટ મેચ અશ્વિનના કરિયરની 100મી ટેસ્ટ છે. આ સિદ્ધિ મેળવનાર અશ્વિન 14મો ભારતીય છે. ઉપરાંત ભારત આ યાદીમાં ત્રીજા સ્થાને છે જેના સૌથી વધુ ખેલાડીઓએ 100 ટેસ્ટ રમી છે. ઈંગ્લેન્ડ 17 અને ઓસ્ટ્રેલિયા 100 ટેસ્ટ રમનાર 15 ખેલાડીઓ સાથે ભારત કરતા આગળ છે.



અશ્વિને નવેમ્બર, 2011માં વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. તે ટેસ્ટ મેચમાં અશ્વિનને સચિન તેંડુલકરે ડેબ્યુ કેપ આપી હતી. આ પછી અશ્વિને પણ પોતાના પ્રદર્શનથી ડેબ્યુ ટેસ્ટને યાદગાર બનાવી હતી. તેણે ડેબ્યુમાં કુલ 9 વિકેટ લઈને પ્લેયર ઓફ ધ મેચ જીત્યો હતો. હવે તેની 100મી ટેસ્ટમાં પણ અશ્વિન પાસેથી આવી જ અપેક્ષાઓ રહેશે.

# ખેલો ઈન્ડિયા ગેમ્સના મેડલ વિજેતાઓને સરકારી નોકરી

**■ રમતને પ્રોત્સાહન આપવા માટે નિર્ણય લેવામાં આવ્યો હોવાની જાહેરાત અનુરાગ ઠાકુરે કરી હતી**

■ નવી દિલ્લી

રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે બુધવારે કહ્યું કે ખેલો ઈન્ડિયાની તમામ સ્પર્ધાઓમાં મેડલ જીતનાર ખેલાડીઓને સરકારી નોકરી આપવામાં આવશે.ઠાકુરે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમતગમતને પ્રોત્સાહન આપવા અને તેને કારકિર્દીના વિકલ્પ તરીકે જોવા માટે આ પગલું ભર્યું છે. ઠાકુરે X પરની તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ પગલાથી હવે ખેલો ઈન્ડિયા ગેમ્સ યુવા, યુનિવર્સિટી, પેરા અને વિન્ટર ગેમ્સના મેડલ વિજેતાઓને સરકારી નોકરીઓ માટે લાયક બનાવાશે. વધુમાં, વ્યક્તિગત




રમતો સમાન લીગમાં છે તેની ખાતરી કરવા માટે રમતો અને ઈવેન્ટ્સ સ્પષ્ટ રીતે જોડવામાં આવે છે. ઠાકુરે કહ્યું, આ નીતિ ભારતને સ્પોર્ટ્સ સુપરપાવર બનાવવા માટે અમારા એથ્લેટ્સને સમર્થન આપવાનું એક મહત્વપૂર્ણ પગલું છે.ખેલો ઈન્ડિયાના મેડલ વિજેતાઓ માટેકરેલી જાહેરાતના પગલે ખેલાડીઓમાં પણ ખુશીની લહેર ફેલાઈ ગઈ છે.

### શબનિમ ઈસ્માઈલે વુમન્સ ક્રિકેટમાં સૌથી ઝડપી બોલ



નવી દિલ્લીઃ દક્ષિણ આફ્રિકાની ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શબનીમ ઈસ્માઈલે વુમન્સ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ઝડપી બોલ ફેંક્યો હતો. તેણે વુમન્સ પ્રીમિયર લીગ (WPL)માં દિલ્હી કેપિટલ્સ સામે 132.1 કિમી/કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. અગાઉ 2016માં ઈસ્માઈલે 128.5 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. શબનિમની ઘાતક બોલિંગ છતાં તેને 4 ઓવરમાં માત્ર એક જ વિકેટ મળી હતી. જેના કારણે તેની ટીમ મુંબઈ ઈન્ડિયન્સને 29 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. લીગમાં આ તેમની બીજી હાર છે. મંગળવારે રાત્રે દિલ્હીમાં હોમ ટીમ દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાઈ હતી.

# ઓહો, મેચની ટિકિટનો આટલો બધો ભાવ! « 9 જૂને અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં રમાશે મેચ

**T20 વર્લ્ડ કપમાં IND-PAK મેચની ટિકિટની કિંમત 1.86 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ**

■ નવી દિલ્લી

આ વર્ષે જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝમાં T20 વર્લ્ડ કપ યોજાવાનો છે. ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે 9 જૂને ન્યૂયોર્કમાં લીગ મેચ રમાવાની છે. આ મેચ પહેલેથી જ સોલ્ડ આઉટ થઈ ગઈ છે, એટલે કે તેની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે. હવે કેટલીક રિસેલ વેબસાઈટ પર મેચની ટિકિટ 1.86 કરોડ રૂપિયા સુધી વેચાઈ રહી છે. અમેરિકન ન્યૂઝ વેબસાઈટ યુએસએ ટુડે અનુસાર, ભારત-પાક મેચની રિસેલ ટિકિટ StubHub અને SeatGeek જેવી વેબસાઈટ પર લાઈવ થઈ ગઈ છે. StubHub પર હાલમાં સૌથી સસ્તી ટિકિટની કિંમત US $1,259 એટલે કે રૂ. 1.04 લાખ છે. SeatGeek પર સૌથી મોંઘી ટિકિટની કિંમત 1 લાખ 75 હજાર ડોલર છે. $50,000ની ફી ઉમેરીને ટિકિટની કુલ કિંમત $2 લાખ 25 હજાર છે. ભારતીય ચલણમાં આ રકમ 1.86 કરોડ રૂપિયા છે.

## ભારત અને પાકિસ્તાનની તમામ લીગ મેચ અમેરિકામાં યોજાશે



T-20 વર્લ્ડ કપમાં દરેક ટીમને 4 ગ્રુપમાં વહેંચવામાં આવી હતી. દરેક ગ્રુપમાં 5 ટીમ છે. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે. આયર્લેન્ડ, કેનેડા અને અમેરિકા પણ આ ગ્રુપમાં છે. ભારત અને પાકિસ્તાન તેમની તમામ મેચ અમેરિકામાં જ રમશે. ભારતની બે મેચની ટિકિટ વેચાઈ ગઈ છે.

**આ ટુર્નામેન્ટ 1થી 29 જૂન દરમિયાન રમાશે** ICC T-20 વર્લ્ડ કપ 1થી 29 જૂન સુધી વેસ્ટ ઈન્ડીઝ અને અમેરિકાનાં 9 શહેરમાં રમાશે. ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે, બંને વચ્ચે ગ્રુપ સ્ટેજની મેચ 9 જૂને ન્યૂયોર્કમાં રમાશે. ફાઈનલ મેચ 29 જૂને વેસ્ટ ઈન્ડીઝના બાર્બાડોસ શહેરમાં રમાશે. T-20 વર્લ્ડ કપમાં પ્રથમ વખત 20 ટીમનો સમાવેશ કરવામાં આવ્યો છે, અગાઉ 16 ટીમ હતી.

### 14-15 માર્ચે લોકસભા ચૂંટણીની જાહેરાત થવાની સંભાવના

# 7 તબક્કામાં ચૂંટણી યોજાય તેવી શક્યતા

## રાજ્યોની તૈયારીના આકલન બાદ ચૂંટણીપંચ તારીખ જાહેર કરશે, રાજકીય પક્ષો તૈયારીમાં લાગી ગયા

## ભાજપ ચૂંટણીમાં જંગી જીત માટે કરી રહ્યું છે તડામાર તૈયારી

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લેવામાં આવશે

■ નવી દિલ્લી

ચૂંટણીપંચ 14-15 માર્ચે લોકસભા ચૂંટણીની જાહેરાત કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, 2019ની લોકસભા ચૂંટણીની તર્જ પર આ વખતે પણ 7 તબક્કામાં જ ચૂંટણી યોજવામાં આવી શકે છે. એવા સમાચાર છે કે એપ્રિલના બીજા સપ્તાહમાં પ્રથમ તબક્કાનું મતદાન થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચૂંટણીપંચ આગામી સપ્તાહે કોઈપણ દિવસે લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી શકે છે. હાલમાં આયોગ સામાન્ય ચૂંટણીની તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે ઘણાં રાજ્યોના પ્રવાસ પર છે. પંચ તમામ રાજ્યોમાં તૈયારીઓનું આકલન કર્યા પછી જ ચૂંટણીની તારીખો જાહેર કરશે.




### રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક

સૂત્રોએ જણાવ્યું હતું કે ચૂંટણીપંચની ટીમ હાલમાં પશ્ચિમ બંગાળમાં છે. આ પછી ટીમ ઉત્તરપ્રદેશ અને પછી જમ્મુ-કાશ્મીરનો પ્રવાસ કરશે. મળતી માહિતી મુજબ ચૂંટણી અધિકારી 13 માર્ચ સુધીમાં તેમનો પ્રવાસ પૂર્ણ કરશે. દરમિયાન ચૂંટણીપંચ તમામ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે સતત બેઠકો કરી રહ્યું છે. ચૂંટણીપંચ આગામી લોકસભા ચૂંટણીના મુક્ત અને ન્યાયી સંચાલન માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકે છે. આ માટે કમિશન એક વિભાગ પણ બનાવી શકે છે, જે સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ પર ખોટી માહિતીને ઓળખશે અને દૂર કરશે.

### ભાજપની 195 ઉમેદવારની પહેલી યાદી જાહેર

લોકસભા ચૂંટણી માટે ભાજપની પ્રથમ યાદી શનિવારે જાહેર કરવામાં આવી હતી, જેમાં 195 ઉમેદવારનાં નામ છે. વડાપ્રધાન મોદી વારાણસીથી ચૂંટણી લડશે. બે પૂર્વ મુખ્યમંત્રીને ટિકિટ આપવામાં આવી છે, જેમાં 28 મહિલાઓ, 47 યુવાનો, 27 એસસી, 18 એસટી અને 57 ઓબીસી ઉમેદવારો સામેલ છે.આ યાદીમાં ઉત્તરપ્રદેશની 51, પશ્ચિમ બંગાળની 20, મધ્યપ્રદેશની 24, ગુજરાતની 15, રાજસ્થાનની 15, કેરળની 12, તેલંગાણાની 9, આસામની 11, દિલ્હીની 5, જમ્મુ-કાશ્મીરની 2 . ઉત્તરાખંડની 3. અરુણાચલની 2, ગોવાની 1, ત્રિપુરાની 1, આંદામાનની 1, દમણ અને દીવની 1 બેઠક સામેલ છે.

**રાજકીય પક્ષો તૈયારીઓમાં વ્યસ્ત** ચૂંટણીને ધ્યાનમાં રાખીને તમામ રાજકીય પક્ષો પણ પોતપોતાની તૈયારીઓમાં વ્યસ્ત છે. ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલાં જ અનેક પક્ષોએ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. શાસક ભાજપે તાજેતરમાં 195 બેઠક માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી છે, સાથે જ આમ આદમી પાર્ટી, સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રીય લોકદળે પણ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

# યુરોપના દેશોમાં નદીઓનો પ્રવાહ બચાવવાની ઝુંબેશ

### 2016થી શરૂ કરવામાં આવેલી ઝુંબેશથી પ્રકૃતિને મોટો ફાયદો

■ હેલેન્સ્કી

યુરોપમાં નદીઓના અવિરત પ્રવાહ માટે ઝુંબેશ ચાલી રહી છે. વર્ષ 2016થી અહીં ડેમ તોડવામાં આવી રહ્યા છે. 2022માં જ યુરોપિયન નદીઓ પર બનેલા 325 ડેમ તોડવામાં આવ્યા હતા, જે 2021થી 36% વધુ છે. જે નદીઓ પરના ડેમ તોડવામાં આવ્યા છે ત્યાંનું જળ જીવન બદલાવા લાગ્યું છે. ફિનલેન્ડ હિતોલાન્જોકી નદીમાં સોલોમન માછલીઓ નજરે પડવા લાગી છે, જે વર્ષો પહેલાં વિલુપ્ત થઇ ચૂકી હતી. ફિનલેન્ડના નેચરલ રિસોર્સ ઈન્સ્ટિટ્યૂટના ઈકોલૉજિસ્ટ પૉલિના લોહી કહે છે કે માછલીઓનું પરત ફરવું એ વાતની નિશાની છે કે નદીની ઈકોસિસ્ટમ ઠીક થઇ રહી છે. સ્થાનિક છોડો ફરી ખીલવા લાગ્યા છે. પરિણામે રશિયાના તળાવથી ફિનલેન્ડની સફર કરતી સોલોમન અને બ્રાઉન ટાઉટ જેવી માછલીઓની સફર ખતમ થઇ અને વિલુપ્ત થવા લાગી.



## NEWS FILE

### 30 લાખ સરકારી નોકરીઓ અને MSP માટે કાયદો બનશે




નવી દિલ્હીઃ કોંગ્રેસે 2024ની લોકસભા ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો તૈયાર કરી લીધો છે. તેને CWC એટલે કે કોંગ્રેસ વર્કિંગ કમિટી દ્વારા પાસ કર્યા બાદ આગામી દિવસોમાં રિલીઝ કરવામાં આવશે. કોંગ્રેસ વર્કિંગ કમિટી સાથે સંકળાયેલા એક સૂત્રએ સૂચિત મેનિફેસ્ટોની બ્લૂ પ્રિન્ટ વિશે માહિતી આપી હતી. જેમાં રોજગાર, મોંઘવારીમાંથી રાહત અને સામાજિક ન્યાય પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.xમુસ્લિમોને રીઝવવા માટે સચ્ચર કમિટીની ભલામણો લાગુ કરવાની પણ વાત કરવામાં આવી છે. કોંગ્રેસના ઘોષણાપત્રમાં મહિલાઓ માટે દર મહિને રૂ. 6,000 અને કેન્દ્ર સરકારની નોકરીઓમાં 33% અનામતનો પણ ઉલ્લેખ છે.

### બેંગલુરુમાં પાણીની તંગી, 3 હજાર બોરવેલ સુકાઈ ગયા

બેંગલુરુઃ બેંગલુરુ શહેરમાં પાણીની તીવ્ર તંગી છે. કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે કહ્યું કે શહેરમાં 3 હજારથી વધુ બોરવેલ સુકાઈ ગયા છે, જેમાં તેમના ઘરનો બોર પણ છે. તે જ સમયે, શહેરના ટેન્કર માલિકો 5,000 લિટર માટે રૂ. 500ને બદલે 2,000 વસૂલ કરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે કહ્યું કે અમે પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છીએ. અમે તમામ ટેન્કો પર કબજો લઈ રહ્યા છીએ અને જ્યાં પાણી ઉપલબ્ધ છે તે સ્ત્રોતોની ઓળખ કરી રહ્યા છીએ. 217 ટનલ પણ શોધી કાઢવામાં આવી છે.

### ચીનનું સંરક્ષણ બજેટ ભારતના કરતાં ત્રણ ગણું વધ્યું



બેઈજિંગઃ ચીને વર્ષ 2024 માટે તેના સંરક્ષણ બજેટમાં 7.2 ટકાનો વધારો કર્યો છે. તે હવે વધારીને 19.61 લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. જ્યારે ભારતનું સંરક્ષણ બજેટ 6.21 લાખ કરોડ રૂપિયા છે. એટલે કે ચીનનું સંરક્ષણ બજેટ ભારતના કરતાં લગભગ ત્રણ ગણું વધારે છે. ચીને સંરક્ષણ બજેટમાં એવા સમયે વધારો કર્યો છે જ્યારે તેની અર્થવ્યવસ્થા ખૂબ જ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે. મંગળવારે સંસદમાં બજેટ સંબંધિત રિપોર્ટ શેર કરતી વખતે ચીને પણ તાઈવાન મામલે કડક વલણ અપનાવ્યું હતું. તેણે તાઈવાન માટે શાંતિપૂર્ણ એકીકરણ (તાઈવાનને ચીનમાં સામેલ કરવું) શબ્દ દૂર કર્યો છે.

# ઈસરોના ચંદ્રયાન-4માં હશે 5 મોડ્યૂલ

## સોફ્ટ લેન્ડિંગથી રિટર્ન સુધીના મિશનની માહિતી ISROએ શેર કરી

### ચંદ્રયાન-3ની સફળતા પછી સંસ્થાએ ખાસ તૈયારી કરી

■ નવી દિલ્લી

ચંદ્રયાન-3ના મિશનને આગળ વધારવા માટે ISROએ ચંદ્રયાન-4 મિશન પર કામ શરૂ કરી દીધું છે. ઈસરો તરફથી આ મિશન અંગે લેટેસ્ટ અપડેટ આપવામાં આવી છે કે ચંદ્રયાન-4 કેવી રીતે કામ કરશે. જેમાં એ પણ જણાવાયું છે કે ચંદ્રયાન-3માં માત્ર 3 મોડ્યૂલ હતા, જ્યારે ચંદ્રયાન-4માં પાંચ મોડ્યૂલ હશે. જે સોફ્ટ લેન્ડિંગથી લઈને સેમ્પલ એકઠા કરવા અને સેફ રિટર્ન સુધી કામ આવશે. ગત દિવસોમાં ઈસરો ચીફ એસ. સોમનાથે પણ મિશન અંગે માહિતી શેર કરી હતી. ભારતના સ્પેસ મિશન ગગનયાન બાદ ચંદ્રયાન-4ને લોન્ચ કરાશે. માનવામાં આવી રહ્યું છે કે આ મિશનને અંજામ સુધી પહોંચાડવામાં ભારતને ચાર વર્ષ લાગી શકે છે. જોકે, ઈસરો જે ગતિથી કામ કરી રહ્યું છે, તેનાથી એ નક્કી સમય પહેલા પણ પૂર્ણ થઈ શકે છે. હવે ઈસરોએ ચંદ્રયાન-4 અંગે સોશિયલ મીડિયા પોસ્ટ X પર મિશન અંગે લેટેસ્ટ માહિતી અપાઈ છે.

### આવી રીતે થશે લોન્ચિંગથી રિટર્ન સુધીની પ્રક્રિયા

ચંદ્રયાન-4ના મિશન જાપાનની JAXAની સાથે ઈસરોનું સંયુક્ત મિશન છે, તેને જાપાનના H3 રોકેટથી લોન્ચ કરાઈ શકે છે. આ પોતાની સાથે પાંચ મોડ્યૂલ લઈને જશે. જેમાંથી એસેન્ડર મોડ્યૂલ, ડિસેન્ડર મોડ્યૂલ, પ્રોપલ્શન મોડ્યૂલ, ટ્રાન્સફર મોડ્યૂલ અને રીએન્ટ્રી મોડ્યૂલ હશે. તમામ મોડ્યૂલનું અલગ કામ હશે. સૌથી ખાસ વાત એ છે કે આ મિશન બે તબક્કામાં લોન્ચ થશે.

#### કયું મોડ્યૂલ શું કામ કરશે?

■ પ્રોપલ્શન મોડ્યૂલ :રોકેટથી અલગ થયા બાદ પૃથ્વીના ઑર્બિટથી લઈને ચંદ્રના ઑર્બિટમાં એન્ટ્રી સુધીની જવાબદારી પ્રોપલ્શન મોડ્યૂલની હશે. ચંદ્રયાન-3ના સમયે પણ આ મોડ્યૂલે એજ જવાબદારી નિભાવી હતી. ■ ડિસેન્ડર મોડ્યૂલ : પ્રોપલ્શન મોડ્યૂલથી અલગ થયા બાદ તમામ મોડ્યૂલને ચંદ્રની સપાટી પર પહોંચાડવાની જવાબદારી આ મોડ્યૂલની રહેશે. ■ એસેન્ડર મોડ્યૂલ : પ્રોપલ્શન મોડ્યૂલથી અલગ થયા બાદ તમામ મોડ્યૂલને ચંદ્રની સપાટી પર પહોંચાડવાની જવાબદારી આ મોડ્યૂલ નિભાવશે. ■ ટ્રાન્સફર મોડ્યૂલ : નમૂનાને એકઠા કર્યા બાદ આ ચંદ્રની સપાટીથી ઉડાન ભરશે અને ટ્રાન્સફર મોડ્યૂલની સાથે પૃથ્વીના ઓર્બિડ સુધી પહોંચશે. ■ રી એન્ટ્રી મોડ્યૂલ : ચંદ્રથી લેવાયેલા નમૂના લઈને પૃથ્વી પર સફળ લેન્ડ કરવાની જવાબદારી રી એન્ટ્રી મોડ્યૂલની હશે.